'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

|| ૯ ||





પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

## પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

Namo Arihantanam

Namo Siddhanam

Namo ayariyanam

Namo Uvajjhayanam

Namo Loe Savvasahunam

Eso Pancha-Namukkaro

Savvapavappanasano

Mangalanam cha Savvesim

Padhamam Havai Mangalam

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને ‘હસ્તાક્ષર થીમ સોંગ’ સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૯ ॥


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

☐ **PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com


☐ **SPONSOR**

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




શ્રી નમસ્કાર મહામંત્રના મહાસાધક, જેના રોમે રોમે 'નમો' 'નમો' અને 'અરિહંત' 'અરિહંત'ના ભાવ સ્પર્શતાં હતાં, જેના શ્વાસે શ્વાસે 'અરિહંત' 'અરિહંત'નું સ્મરણ હતું, જેના શબ્દે શબ્દે 'અરિહંત' 'અરિહંત'નું ગાન હતું, તેવા અમારા પરમ ગુરૂભગવંત અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય એટલે વર્તમાન જૈન જગતમાં પરમ કૃપાળુ નવકારવાળા મહારાજ...! તેઓ **'પંન્યાસજી મહારાજ'** તરીકે સૌના સ્મૃતિપટમાં આજે પણ બીરાજમાન છે. તેઓએ પોતાના જીવનનાં સૌથી વધુ સાધનામય વર્ષો નવકારનાં ચિંતન, મનન, નિદિધ્યાસન, અનુપ્રેક્ષામાં જ વીતાવી તેને અસ્થિમજ્જાવત્ કરેલ. તેમના સ્વહસ્તે લખાયેલી ૨૨૪થી અધિક રોજનીશીઓનો જીર્ણોદ્ધાર 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સ્વરૂપે થયેલ છે, તેમાંથી નમસ્કાર મહામંત્રને લગતાં અદ્‌ભૂત ચિંતનો તેના ૬૮ ભાગમાંથી ચૂંટી ચૂંટીને ૧૦૮ પાનાંના એક એવા ૯ ભાગ બન્યાં છે, તેના આનંદ-ઉલ્લાસને આજે કોઈ સીમા નથી.

આ લઘુ આવૃત્તિઓના પ્રકાશનમાં અર્થસારથિ તરીકેની ભૂમિકા ભજવનાર પરમ ગુરૂભક્ત જ્ઞાનાનંદમાં મગ્ન ઉદાર સુશ્રાવક **સી.કે.મહેતા** તેમ જ રાજકોટના જ્ઞાનાનંદી સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ને યશ છે. તેઓના પરિશ્રમના ફળરૂપ આપણા હાથમાં આ અંતિમ નવમ ગ્રંથ છે. તેની રસલ્હાણમાં ડૂબીને આપણે ભવિજનો સંસારરત્નાકરને તરી જવા પ્રયત્નશીલ બનીએ, એ જ અભ્યર્થના.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





## માનસશાસ્ત્રીય સારવાર છે નવકાર

સંસારી જીવ અનાદિની સંજ્ઞાઓ, વાસનાઓ, કષાયો અને મિથ્યાત્વની વિપરીત માન્યતાઓ નીચે દબાયેલો છે. નમસ્કાર મહામંત્ર આ બધા ઊંધા અસરોમાંથી જીવને મુક્ત કરવાની માનસશાસ્ત્રીય સારવારનું કામ કરે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ સૌથી વધુ અસરકારક છે આ નમસ્કાર મહામંત્રનું પરમ પવિત્ર અનવરત સ્મરણ. તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાંથી છોડાવી ધર્મધ્યાન તથા શુક્લધ્યાનમાં લઈ જવા માટેની અદ્ભુત પ્રક્રિયા છે.

### નવકારના જાપ સમયે એવું ધ્યાન રાખવું કે...

ધ્યાન સમયે પરમાત્મા, સર્વ જીવો અને આત્મસ્વરૂપને છોડીને બીજા કોઈ વિચારો ન કરવાની ટેવ પાડવી. ધ્યાન સમયે બને તેટલા વધુ વાર તથા બને તેટલું ચિત્તસ્થિરતા આત્મઉપયોગમાં રહેવા જ પ્રયત્ન કરવો. જાપ સિવાયના કાળમાં આત્મા, પરમાત્મા અને સર્વ જીવોના વિષયમાં જ મન રહે, તેવો પ્રયત્ન કરવો.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ કરતી વખતે
સંસાર અને જડ વસ્તુઓના વિચારો બંધ કરવા તથા
પરમાત્મતત્ત્વની સર્વોપરિતા વિચારવી.

Navkar is unity with universe.

પંચપરમેષ્ઠિને નમસ્કાર વડે આત્માની ઉન્નતિ થાય છે
અને સદ્ગતિનો ઉત્પાદ અને દુર્ગતિનો છેદ થાય છે.

'આયુષ્ય કર્મ એ જીવાડનાર છે અને
જન્મ એ સુખ આપનાર છે'
એ વિચાર અવિદ્યાજન્ય અથવા મિથ્યાત્વમોહજન્ય છે.
જીવાડનાર આયુષ્કર્મ નહિ પણ મારનાર છે અને
જન્મ એ સુખ કરનાર નહિ, પરંતુ
આ સંસારની સર્વ વિટંબણાઓને આપનાર છે.
જીવાડનાર જીવન છે અને તેને આપનાર
જન્મ-મરણરહિત સદા સિદ્ધ પરમાત્માનું ધ્યાન છે
તથા સુખ આપનાર મોહનીયકર્મનો અને વીર્ય વધારનાર
અંતરાયકર્મનો છેદ છે, જે નવકારના જાપથી થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર માટે કહેવાયું છે કે:

પૃથક્ મંત્રઃ, પૃથક્મંત્રી ન સિધ્યન્તિ કદાચન।

મંત્ર તથા મંત્ર ગણનાર બે જુદા રહે,

તો નવકાર મંત્ર ક્યારેય સિદ્ધ થતો નથી.

શ્રી પંચ પરમેષ્ઠિ લઘુદૃષ્ટિ તથા ગુરુદૃષ્ટિ કેળવનાર છે.
લઘુ આત્માનો ગુરુ છે, તે દ્વારા આત્માને લાભ
ન થાય પણ નુકસાન થાય, તો તે ગુરુ કોણ કહેવાય?
ધ્યાનના ચાર પ્રકારોમાં આર્તધ્યાનને છોડવું વિકટ છે,
કેમકે આર્તધ્યાન એટલે ઇષ્ટનો વિયોગ,
અનિષ્ટનો સંયોગ, રોગ - ચિન્તા ઉપરાંત અગ્રશોચ્યાદિ.
તેમાંથી છૂટવા માટે પંચ પરમેષ્ઠિનું સ્મરણાદિ અને
આજ્ઞાવિચય આદિ ધર્મધ્યાનના પ્રકારો છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનું નિવારણ થઈ
ધર્મધ્યાન - શુક્લધ્યાન આદિનું આરાધન થાય છે, તેથી
પરમ મંત્ર સ્વરૂપ બનીને આત્મસંરક્ષણ થાય છે.

આ નમસ્કાર મહામંત્ર કે અન્ય કોઈ પણ સિદ્ધ મંત્ર
એ પરમેશ્વરસ્વરૂપ હોવાથી આનંદમય છે.

આ નમસ્કાર મંત્રનું સ્ફુરણ વિશ્વરૂપ બનીને વિરાજે છે.
ચિત્તરૂપી મંત્રમાં આખું જગત સ્ફુરતું રહે છે.
નવકાર મહાત્મ્ય વડે ભેદમય સંસાર વિલીન થાય છે.
મંત્ર એ સાધકના રક્ષણનો મહાન ઉપાય, પરમ દૈવત છે.
મનન કરનારને 'મદ્રૂપ' બનાવે, તે મંત્રનો ઉદ્દેશ છે.
નવકાર સાધકને પરમાત્મરૂપ બનાવે છે. વ્યવહારિક
મંત્રમાં અક્ષરોની કે મંત્રદેવતાની પ્રધાનતા હોય, પરંતુ
આરાધના કરી રહેલાં યોગીના ધ્યાનમાં સહાયતા કરનારું
ચિત્તસ્ફુરણ યા ચિત્ત એ જ તાત્ત્વિક મંત્ર છે.

કેવળ વર્ણસમૂહનો ઉચ્ચાર નહિ પણ તેમાં રહેલા
સહજ પરાશક્તિનું અભેદ સ્ફુરણ, તે જ મહામંત્ર છે.

જપ કરનાર જુદો, મંત્ર જુદો, મંત્રલક્ષ્ય પરમાત્મા જુદા
- એમ ત્રણ વિભાગ કરવાથી મંત્ર ભ્રષ્ટ થાય છે.
આવા ભેદકલ્પના એ અજ્ઞાનતા છે.

નવકારના પ્રથમ પદની આરાધના એટલે અમૃતઅનુષ્ઠાન.

પ્રથમ પદ વડે સ્વરૂપતઃ પરમાત્માની સ્તુતિ, સ્મરણ તથા ધ્યાન થઈ શકે છે. નામગ્રહણ વડે સ્તુતિ, અર્થના ભાવન વડે સ્મરણ અને ચિન્તનથી ધ્યાન થઈ શકે છે. શ્રદ્ધા - મેધા - ધૃતિ - ધારણા અને અનુપ્રેક્ષા વડે થતી નવકાર મંત્રની સ્તુતિ, સ્મૃતિ અને ધ્યાન અનુક્રમે બોધિ, સમાધિ અને સિદ્ધિનું કારણ બને છે.

'નમો અરિહંતાણં' એ પદ યોગની ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ કરાવી પ્રીતિ - ભક્તિ - વચન - અસંગ એ ચારે પ્રકારના અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવી નિર્વિઘ્નપણે જીવને મોક્ષમાં લઈ જાય છે. યોગનાં પાંચે અંગો જેમ કે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન તથા આગમોક્ત યોગની આઠ અવસ્થા - જેમ કે તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાય, તત્તીવ્રાધ્યવસાય, તદર્થોપયુક્ત, તદર્પિતકરણ અને તદ્ભાવનાભાવિત યત્નની અવસ્થા તે પ્રથમ પદના આલંબનથી સિદ્ધ કરી શકાય છે.

હિતમાર્ગના માલિક પરમાત્મા છે, એ તેઓની મૂડી છે.

અન્ય જીવોનું હિત કરવાથી જે ઉપકાર થાય,
તે ખરેખર તો પરમાત્માએ જ કર્યો ગણાય.
હિતમાર્ગ પરમાત્માનો છે, કોઈક સાધુએ એ બતાવેલો છે.
તેનું અનુસરણ કરતી વખતે અહંકાર અને
મિથ્યા એવી કલ્પનાઓથી બચવા માટે કાળજી રાખવી,
એ યોગી પુરુષોને પણ અગમ્ય છે. કહ્યું છે કે:
સેવાધર્મ: પરમગહનો યોગિનામપ્યગમ્ય: । અત્યંત ગહન
સેવાધર્મ છે, યોગીઓને પણ સમજાય નહિ તેવો છે.
સેવાધર્મ બજાવવા વડે 'આપણા ઉપર થયેલ પ્રભુ-
પરમાત્માના ઉપકારના ઋણથી મુક્ત થવાય' એ વિચાર
કર્તવ્ય છે, એથી ઉપકાર કર્યાનો અહંકાર અને પરમાત્માના
માર્ગને પોતાનો કલ્પવાની મિથ્યાકલ્પના, ઉભયથી બચાય.

સેવા કરીને સામાનો ઉપકાર માનવો,
એ નમસ્કારનું કાર્ય કરે છે. કહ્યું છે કે:
'નમસ્કાર એ જ નમસ્કાર છે.'

ધનના ખરા મૂળ માલિક પરમાત્મા જ છે.

પૂર્વ ભવે નવકારમંત્રના જાપ કર્યા હશે કે જાણે અજાણે પરમાત્માની આજ્ઞાનું પાલન કર્યું હશે, તેથી ધન મળ્યું છે. એમાં વડાઈ પરમાત્માની - ઉપકાર ખરા પરમાત્માનો છે.

'મારું ધન' એમ માનવું, એ પહેલી મિથ્યાત્વકલ્પના અને 'તે ધન વડે સામાને મેં ઉપકાર કર્યો' એમ માનવું, એ

બીજી મિથ્યાત્વકલ્પના છે.

જ્ઞાનની સેવા કરવા મળે, તે મોટામાં મોટો પુણ્યોદય.

તનથી સેવા કરે, એને રોગ થતો નથી.

ધનથી સેવા કરે, એ દરિદ્ર થતો નથી અને

મનથી સેવા કરે, એને સર્વજ્ઞ પ્રભુ દેખાય છે.

નવકાર જાપ વડે પોતાનું મહાન પરલૌકિક હિત સધાય છે.

પંચ પરમેષ્ઠિઓની સેવા વડે કૃતજ્ઞતા, ગુણાનુરાગ અને પુણ્યવૃદ્ધિનો લાભ મળે છે, તુચ્છ દ્રવ્ય વડે કૃતજ્ઞતા, ગુણાનુરાગ અને પુણ્યસંપત્તિનો લાભ મળતો હોય, તો

કોણ વિવેકી તેને જતો કરે?

સેવામાં સર્વશ્રેષ્ઠ એવા અરિહંતભક્તિનો લાભ મળે છે.
ભક્તિથી મુક્તિમાર્ગ બતાવનાર અરિહંત પરમ ઉપકારી છે,
સિદ્ધ ભગવંતો પરમ ઉપકારી છે,
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ ભગવંતો પરમ ઉપકારી છે.
ધર્મ = શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ.
જે જીવ ધર્મ કરે, તે ચક્રવર્તી કરતાં પણ અધિક સુખી છે.

બાળાદિ ભય ઉત્પન્ન થાય, ત્યારે તેનો ઉપાય જેમ સમર્થનું શરણું છે, કુષ્ઠાદિ વ્યાધિ ઉત્પન્ન થાય, ત્યારે તેનો ઉપાય જેમ યોગ્ય ચિકિત્સા છે તથા સ્થાવર-જંગમ રૂપ વિષનો જ્યારે ઉપદ્રવ થાય, ત્યારે તેનું નિવારણ જેમ દેવાધિષ્ઠિત અક્ષરન્યાસરૂપે મંત્ર છે, તેમ ભયમોહનીયાદિ પાપકર્મોનો ઉપક્રમ અર્થાત વિનાશ કરવાના ઉપાય પણ પરમેષ્ઠિ શરણાને જ કહેલાં છે.

શરણ ગરૂવર્ગ છે, કર્મરોગની ચિકિત્સા બાહ્ય - અભ્યંતર તપ છે અને મોહ - વિષનો વિનાશ કરવામાં સમર્થ નવકાર પાંચે પ્રકારનો સ્વાધ્યાય છે.

મહાત્મ્યની જેને ભાવથી પ્રાપ્તિ થઈ છે, તેના આગળ ચક્રવર્તી કે ઇન્દ્રની ઋદ્ધિ પણ તુચ્છ છે.

જિનાજ્ઞા સમજનાર ગરીબને જે આનંદ હશે,
તે જિનાજ્ઞાને ન સમજનાર શ્રીમંતને પણ નહિ હોય.
સંતોષી શ્રીમંત જેટલો સુખી લોભી શ્રીમંત નહિ હોય.

દાન દેનારને લક્ષ્મી અનિષ્ટ લાગશે,
શીલ પાળનારને ભોગ અનિષ્ટ લાગશે,
તપ કરનારને ઇંદ્રિયોની ગુલામી ખટકે અને
ભાવવાળાને ભવ ભયંકર લાગશે.

પૈસાના મોહને જીતવા માટે દાન એ ઉપાય છે,
ભોગને જીતવા માટે શીલ એ ઉપાય છે,
ઇંદ્રિયોને જીતવા માટે તપ એ ઉપાય છે અને
ભવભ્રમણને જીતવા માટે ભાવ એ ઉપાય છે.

જાપ કરનારને ઇંદ્રિયોનો નિગ્રહ કરવાનો, કષાયો ઉપર કાબૂ મેળવવાનો, પરિગ્રહનું પાપ ઘટાડવાનો ભાવ હોય, તો તે જાપ સાનુબંધ જિનાજ્ઞાના પાલનપૂર્વકનો ગણાય.

## 'લય' એટલે શું ?

લય = મંત્રદેવતાના સ્વરૂપમાં ચિત્તવૃત્તિઓનું લીન થવું.
તે વખતે મંત્ર, દેવતા અને મંત્રસાધકનો ભેદ દૂર થઈ
અને સાધક પોતે જ મંત્રદેવતામય બની જાય છે.

રાગ - ધ્યાનમાં 'રાગ' શબ્દ વૈરાગ્યવાચક છે અને
'ધ્યાન' શબ્દ એ આત્મરાગવાચક છે.

રાગ માટેનું સાધન મૌન છે અને
ધ્યાન માટેનું શ્રેષ્ઠ સાધન એકાગ્રતા છે. આત્માને વિષે
ચિત્તની એકાગ્રતા એ અધ્યાત્મ રાજયોગ ઇત્યાદિ છે.
મંત્રા મંત્રમયાઃ પ્રોક્તાઃ | યાને મંત્રો મંત્રમય કહેલાં છે.
માનસજાપ વડે મન મંત્રમય બને = મંત્રચૈતન્ય પ્રગટે.

કર્મના વિચારથી દુષ્કૃતગર્હા થાય,
ધર્મના વિચારથી સુકૃતાનુમોદના અને
મોક્ષના વિચારથી અરિહંતાદિનું ભાવથી શરણાગમન થાય.
તે જાપ શુદ્ધ છે, જ્યાં કર્તવ્યપાલન, પરમાત્માની પૂજા,
કષાયોની હાનિ અને અનુબંધવાળી ક્રિયાઓ રહેલ છે.

નમસ્કાર એ જૈન ધર્મનો એકડો છે,
તેમ સમ્યક્ત્વ પણ એકડો જ છે.
એકડો હોય તો એક એક મીંડાનું મૂલ્ય
૧૦ - ૧૦ ગણું વધતું જાય છે, અન્યથા શૂન્ય છે.
सम्यक्त्वरत्नान्न परं हि रत्नं ।
અર્થાત્: સમ્યક્ત્વરત્નથી શ્રેષ્ઠ બીજું કોઈ રત્ન નથી.
તે ચિંતામણિ - કલ્પવૃક્ષથી પણ અધિક મૂલ્યવાન છે,
તે શીઘ્ર અજરામર પદ પ્રાપ્ત કરાવે છે.
પરમપદ = આત્મસ્વરૂપ, તેમાં સ્થિત તે પરમેષ્ઠિ છે.
દુસ્તર એવા આ ભવસાગર તરવાને માટે
મનરૂપી તુંબડામાં એક પણ દોષરૂપી કાણું ન જોઈએ.
ભવસાગર તરવાના બે તુંબડા એટલે...
દોષમાત્રની નિંદા - ગર્હા અને ગુણમાત્રની અનુમોદના.
સર્વથા, દોષરહિત અને સર્વ ગુણસહિત હોય,
તેવા શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું પરમ હિતકારી
શરણું સ્વીકારવાથી જ ભવસાગર તરી શકાય છે.

સિદ્ધ ભગવંતોનું અસ્તિત્વ આત્માની અમરતા અને
ચિદાનંદ અવસ્થાનું ભાન કરાવે છે.

स्वातन्त्र्यम् पुंस्त्वम् । पारतन्त्र्यम् स्त्रीत्वम् ।

અર્થાત્: સ્વાતંત્ર્ય કેવળ પરમેષ્ઠિમાં છે,
જીવ બધા પરતંત્ર હોવાથી સ્ત્રી છે.

જેમ એક પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિના મનમાં મન, હૃદયમાં હૃદય અને આત્મામાં આત્મા હોય છે, તેમ જીવનું શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા ભગવાન સાથેનું રમણ પણ કેવળ બાહ્યપાશમાં જ નહીં પણ અંતઃકરણ, અંતરાત્મા અને રોમેરોમમાં સ્થાપિત કરવું જોઈએ. ઈશ્વરનું નામ લેવાની સાથે ઈશ્વરના સર્વ કામ પણ કરતાં જ રહેવું જોઈએ.

ધર્મ = કર્તવ્ય = જીવનનો ઉત્કર્ષ જે વડે થાય તે.

સર્વ જીવોની સર્વ પ્રવૃત્તિઓ સુખ માટે જ થએલી છે અને સુખ ધર્મ વિના ન મળે, એ માટે ધર્મમાં અહર્નિશ નવકાર સ્મરણમાં તત્પર રહેવું જોઈએ.

આજે નવકારના જાપ પછી સદા સંકલ્પ કરીએ કે:
આપણે જગતને સદા જ પ્રેમ કરીશું,
જેથી પ્રેમ પ્રભુ આપણને કરે છે.

ઈશ્કના કીડા મટી નવકારના કીડા બનવું, એ જ છેલ્લું ભવભ્રમણનું ચક્ર છે અને તેથી જ તે છેલ્લું પુદ્ગલ પરાવર્તન છે, ધર્મનો યૌવનકાળ ગણાય છે.

વિદ્વાનો અને પંડિતો મન - બુદ્ધિનાં સ્તર સુધી પહોંચેલા હોય છે, જ્યારે સિદ્ધ પુરુષો અને યોગીજનોએ તો આ નમસ્કાર મહામંત્રના અનવરત જાપ દ્વારા આત્મા - પરમાત્મા સુધી આરોહણ કર્યું હોય છે.

દિલનો ખજાનો શેનાથી ભરાય?

ધનની થેલી જેમ જેમ દાનથી ખાલી થાય, તેમ તેમ દિલનો ખજાનો મંત્રના જાપના આનંદથી વધતો જાય છે. ધનની નોટો ગણીને જેટલું કમાઈ શકાય છે, તેથી કઈ ગુણા અધિક કમાણી નવકારની માળા ગણવામાં થઈ જાય છે, તેથી તે favourable period માનીને વર્તીશું.

શ્રી નમસ્કાર મહામંત્ર અવિનાશી છે.

પ્રાણ, વાણી, મન - ત્રણેના સંયોગથી શબ્દ બને છે,
તેથી મંત્ર પણ પ્રાણમય, ઇંદ્રિયમય અને મનોમય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના નિરંતર જાપ દ્વારા
જગતના વિપરીત સંયોગો વચ્ચે પણ
હૃદયમાં શુભ વિચારના બળથી શાંતિ અનુભવી શકાય છે.

શુભ શબ્દવૃત્તિથી ચિત્તવૃત્તિ પણ વિશુદ્ધ બને છે.
વિશુદ્ધવૃત્તિ વડે શુભ પ્રવૃત્તિ પ્રાપ્ત કરી શકાય છે અને
શુભ પ્રવૃત્તિ વડે શુદ્ધ અનુભૂતિ, આત્મસમાપત્તિ,
સ્વરૂપસ્મૃતિ અને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરી શકાય છે.

શુભ શબ્દવૃત્તિ વચનમાતા છે,
શુભ ચિત્તવૃત્તિ પુણ્યજનની છે, શુભ કાયપ્રવૃત્તિ ધર્મ-
જનની અને આત્મસમાપત્તિ એ ધ્યાનજનની છે.

અશાતાની પૂઠ જેવા નવકારજાપમાં ય મંગળની ભાવના
કરી શકાય નહિ અને અમંગળમાં પણ મંગળની જ
ભાવના કરે છે, તે અસાધ છે અને અજેય શક્ય છે.

## અહંને ઓગાળવાનાં સાધન

સત્સંગ, શ્રવણ, મનન, ચિંતન, ધ્યાન, શ્રદ્ધા, ભક્તિ,
ઉપાસના, કૃતજ્ઞતા તથા નવકારના જાપથી અહં ગળે.
અહં ગળે એટલે વિનય વધે, જ્ઞાનની સાચી ભૂખ જાગે.
વિનયથી વિદ્યા, વિદ્યાથી વિવેક, વિવેકથી વૈરાગ્ય,
વૈરાગ્યથી ત્યાગ, ત્યાગથી શાંતિ, શાંતિથી સમાધિ આવે.

શરીર સાથે મનને સંબંધ છે અને
આપણા મનની સાથે આત્માને - નવકારને સંબંધ છે,
નિરંકુશ મનથી શરીર - આત્મા ઉભયનો નાશ થાય છે.
ધન કરતાં તન તથા તન કરતાં મનનો સર્જક આત્મા
અને તે કરતાં પરમાત્મા અનેકગણાં વધુ મૂલ્યવાન છે.
જેમના નામ, રૂપ કે ગુણ દ્વારા તેમનું સ્મરણ થતાંની
સાથે જ આત્માની સર્વ ઇચ્છાઓ પૂર્ણ અને ચિંતા
ચૂર્ણ થઈ જાય, એવો પરમપ્રભાવક નવકાર સ્મરણનો છે.
સાદૃશ્ય અને અસ્તિત્વ બોધ અનુક્રમે યોગક્ષેમકારક છે.
અપ્રાપ્યનો યોગ થાય છે અને પ્રાપ્તનું ક્ષેમ થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ સમજણ આપે છે કે:

જીવનમાં થતાં દુઃસહ વિઘ્નપરંપરાના અનુભવમાં પણ
અનંત શુભ ઉર્જાઓ રહેલાં હોય છે.

નવકારની આરાધના અવિરુદ્ધ વચનાનુસારી છે.
દરેક ગુણસ્થાનકોએ રહેલાં સૌ જીવોને તેમની યોગ્યતા
અનુસાર હિતકર કરનારી છે તથા મૈત્રીપ્રમોદાદિ ભાવોથી
સહિત છે, તથા યથોક્ત ધર્મવિધાન બને છે અને
તેનું ફળ આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય, અભિરતિ
અને પરલોકમાં મુક્તિ અને મુક્તિ ન મળે,
ત્યાં સુધી સદ્ગતિ, ઉત્તમ કુળમાં જન્મ અને
સદ્બોધની પ્રાપ્તિ વગેરે અવશ્ય મળે છે.

આ રીતે 'નમો' એ ધર્મનું કારણ છે, કેમકે
તેમાં સદ્ધર્મ અને તેને ધારણ કરનારા સત્પુરુષોની
પ્રશંસાદિ રહેલાં છે, ધર્મ ચિન્તનાદિ તેમાં અંકુરા છે
અને પરંપરાએ નિર્વાણરૂપ પરમ ફળ રહેલું છે તથા
શ્રી નમસ્કાર મહામંત્રનું આરાધન અત્યંત આદરણીય છે.

## પંચ પરમેષ્ઠિમાં પરમ ઈષ્ટપણાંની બુદ્ધિ કઈ રીતે જન્મે?

'સુખ કે દુઃખ દ્વારા આપણું ભલું જ થઈ રહ્યું છે'
એવો દૃઢ વિશ્વાસ એજ (ભાવશુદ્ધિ) ભક્તિ છે.
સંસારના પદાર્થો દુઃખ - સુખનાં કારણ નથી.
દુઃખોનું કારણ તો આપણી અજ્ઞાનતાનો અંધકાર છે.
જ્ઞાનના પ્રકાશમાં તે જ પદાર્થો દુઃખના કારણ નહિ,
પરન્તુ આધ્યાત્મિક સુખના હેતુ બની શકે છે.
આથી દુષ્કૃતગર્હા પરોપકારવૃત્તિમાં પરિણમે છે અને
આથી સુકૃતાનુમોદના કૃતજ્ઞતાના ગુણને વિકસાવે છે.
વળી તે સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત પરમ
પંચ પરમેષ્ઠિમાં પરમ ઈષ્ટપણાંની બુદ્ધિ જન્માવીને
નમન પ્રત્યે પરમ પૂજ્યભાવ પ્રગટાવે છે.

○

ભવ = To become.
To bow down is to be from becoming.
નમઃ = To be from becoming to being.

# કેવો આત્મા ધન્ય છે?

તે ધન્ય ધન્ય છે કે જેની જીભ ઉપર નવકાર મંત્ર રૂપી પ્રભુનામ અને અંતરમાં સ્વરૂપનું ધ્યાન રહે છે.

જે જે હિતની વાત કરે, તે સઘળાં ગુરૂ છે.

ભગવન્નામની કીર્તિ ગાવી, એનું જ નામ પરમભક્તિ છે.
ભક્તિ પાસે ચારે પ્રકારની મુક્તિ દાસી થઈને ઉભી રહે છે.
નામ = પ્રભુનો પ્રભુ, જીવનું જીવન. નામ જ ભગવાન.

જે નામ ગાય, તેને નિશ્ચિન્ત શાંતિનું આવે છે.

નામાપરાધનું પ્રાયશ્ચિત પણ નામથી જ થઈ જાય છે.
વૈખરીથી નામ જપનાર શબ્દસિદ્ધિને પામે છે અને મધ્યમાવાણીથી નામ જપનાર સાધક સંકલ્પસિદ્ધ બને છે.

મન જ આત્માને ભુલાવનાર છે.

મન વિના વાણી નહિ, ઈંદ્રિયો પણ નહિ, તેથી મન આત્માનો નજીકનો સ્વભાવ છે, તેને 'ભાવમન' કહે છે.
મનને શાંતિ સ્વઘરમાં મળે, આત્મસ્વરૂપ તેનું ઘર છે.

મનનો વિરોધ આત્મા નહિ પણ જડ છે.

શ્રી રત્નમંડનગણિ કૃત 'ઉપદેશતરંગિણી'માં કહ્યું છે કે:

यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमम्,
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं, मंत्रं जपेत् श्रावकः ।
पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,
यः संपूजयते स विश्वमहितः, श्री तीर्थराजो भवेत् ॥

સમજૂતિ: શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે,
એવો સુંદર મનવાળો જે જિતેન્દ્રિય - શ્રદ્ધાવાન શ્રાવક,
સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક સંસારનો નાશ કરનાર એવા
શ્રી જિનેશ્વર ભગવંતની સુવિધિપૂર્વક પૂજા સહિત
અને એક લાખ શ્વેત - સુગંધી પુષ્પો વડે
શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રનો એક લાખ વાર જાપ કરે,
તે ત્રિભુવનપૂજ્ય તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.
સંપૂર્ણ મનથી પૂર્ણ ગણવાનો પ્રયત્ન કરે,
તેમાં સમય લાગે, એ દેખીતી વાત છે, કિન્તુ
નવકારમંત્રનો જાપ અર્હંપ્રધાન જીવનમાંથી પૂર્ણ ચેતના
તરફ લઈ જતો હોવાથી સૌને અત્યંત ઉપયોગી છે.

નમસ્કાર મહામંત્રના સતત જાપમાં ઉલ્લાસ વધવાનો
ઉપાય પંચપરમેષ્ઠિ ઉપર વિશ્વાસ અને ભક્તિ છે.
સંસારની નશ્વરતા - આત્માની અમરતા ઉપર વિશ્વાસ
મૂકો, એ વિશ્વાસથી જ વૈરાગ્ય - અનુરાગ ઉત્પન્ન થશે.
વૈરાગ્યથી ભોગોનો ત્યાગ થાય છે અને
અનુરાગથી સદ્ગુરુઓના ચરણકમળો પર પ્રેમ થાય છે
તથા એક દિવસ જીવનનો સાર મળી જાય છે.

## નમસ્કાર અને પંચસૂત્ર

દુષ્કૃત અને સુકૃતના વિપાક ઉપર વિશ્વાસ મૂકવાથી
દુષ્કૃતનો ત્યાગ અને સુકૃતનું સેવન થાય છે.
નમસ્કાર ઉપર વિશ્વાસ કેળવવા સદ્ગુરુ અને સદ્ગ્રન્થ
તથા સત્સંગને શરણે રહેવું જોઈએ અને અસદ્ગુરુ,
અસત્ ગ્રન્થ તથા અસત્નો સંગ ત્યજવો જોઈએ.
એ રીતે ચતુઃશરણાગમનપૂર્વક દુષ્કૃતગર્હા અને
ચતુઃશરણાગમનપૂર્વક સુકૃતાનુમોદન -
એ જ મોક્ષનો એક સરળ માર્ગ બને છે.

નમસ્કાર મહામંત્રના જાપ ધર્મની રખવાળી આપે છે.
માનવ ધર્મને માટે મરશે, લડશે, ઝઘડશે અને
તેવું બધું જ કરશે, પરન્તુ તેને માટે તે જીવશે નહિ.

પોતાનું શરણ લેવાથી બીજાના વિકલ્પો છે,
વળી પરગુણ અને સ્વદોષદર્શન થાય છે.

## ધર્મ માટે જીવવું એટલે...

એવી રીતે જીવવું કે જીવન જીવવાથી બીજાને લેશમાત્ર પરિતાપ થાય નહિ, જ્યાં કષાય - જ્યાં યોગથી સાવદ્ય વ્યાપારનો વિરામ અને નિરવદ્ય વ્યાપારોનું સેવન અથવા મોહ - ક્ષોભરહિત આત્મપરિણામ, તે ધર્મ જીવન છે.
ધર્મ એ આત્માનું સહજ સ્વરૂપ છે, બાકીનું તમામ આળપંપાળ ઉપાધિ ક્ષણિક, નાશવંત અને અનિત્ય છે.
તે ધર્મ દશ પ્રકારે છે : ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સંતોષ, તપ, ત્યાગ, સત્ય, બ્રહ્મચર્ય અને આકિંચન્ય.
નવકારનો ધ્યેય તથા હેતુ એક જ છે કે : નિજસ્વરૂપ મોક્ષને મોહ - ક્ષોભરહિત આત્મપરિણામથી પ્રાપ્ત કરવો.

નવકારનો જાપ એ શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાન છે.

મોક્ષ માટે નવકાર જાપ જેવા જેટલાં ક્રિયાનુષ્ઠાનો છે, તે બધાં પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ જ છે. પ્રેમ આંખોથી નહિ પણ મનથી જુએ છે. પ્રેમ હૈયામાં ઉત્પન્ન થાય, હોઠથી બહાર સરે, હાથથી સ્વીકારાય છે.

નવકાર દ્વારા જે આપણે જોવો છે, તેને ભલી રીતે ન ભાળ્યો, તો બીજે ક્યાં દેખાવાનો હતો?

સર્વત્ર આત્મદર્શન એ પાયો છે.

નવકારની ઉપાસનાને અટકાવતું તત્ત્વ વાસના છે.

અહંના વિસર્જનમાં જ ઉપાસનાની સાર્થકતા છે.

નમસ્કાર મહામંત્રના અવિરત જાપથી સમજાય છે કે:

દેહદૃષ્ટિથી દાસ, વૈભાવિક જીવદૃષ્ટિથી અંશ અને સ્વાભાવિક આત્મદૃષ્ટિથી ભક્ત પોતે જ ભગવાન છે, અહં પોતે જ અર્હં બને છે, નર પોતે જ નારાયણ છે, જન પોતે જ જિન છે, ખુદ પોતે જ ખુદા છે, કંકર પોતે જ શંકર અને અંશ પોતે જ અંશી બને છે.

નિશ્ચય જાણવું કે પંચ પરમેષ્ઠિ સમાન જે વિશાળ છે
તથા વ્યાપક છે, તેમાં જ સુખ છે, તે જ સુખ છે.

જો સુખ મળતું હોય તો જ માણસ ક્રિયા કરે છે,
સુખ મળતું ન હોય તો માણસ ક્રિયા કરતો નથી,
માટે સુખ કોને કહેવાય, તે સૌ પ્રથમ જાણવું જોઈએ.
જ્યાં પૌદ્ગલાદિ અલગ કાંઈ અનુભવાતું નથી,
સદા જે વ્યાપકતાનો અનુભવ, તે 'સુખ' છે.
પ્રભુની પાસે સેવા અને ઉપાસના કરનારની
સેવા અને ઉપાસના ઘણા છે, કિન્તુ એક વસ્તુ ખૂટે છે
તે નમ્રતા - વિનય, જે પ્રભુને અત્યંત પ્રિય છે.
વિનય અને નમ્રતાવાળું અંતઃકરણ - એ જ વિશ્વની
મોટી સંપત્તિ છે અને પ્રભુની સાચી ભક્તિ છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
વિનય અને નમ્રતાવાળું અંતઃકરણ પ્રાપ્ત થાય છે.
તેનું ચિત્ત નિર્મળ કેવી રીતે ન રહી શકે?
દિલ સાફ કરવા માટે પ્રભુનું નામ એ જ ઉપાય છે.

બપોરે - રાત્રે એક વાગ્યાનો સમય એકડાનો સમય છે.
એ સમયે શ્રી નમસ્કાર મહામંત્રના જાપ અવશ્ય કરવા.
નામગ્રહણ બે પ્રકારે : કીર્તન દ્વારા અને જાપ દ્વારા.

નામ અંતે આંતરજાપ બની જાય છે.

ચાહે કીર્તન કે જપ દ્વારા હો, નામ જ મનને શાંત કરે અને ઉચ્ચ પ્રકારની અનુભૂતિને યોગ્ય બનાવે છે.
નામ સ્વયં ભગવાન છે યા ભગવાનથી પણ મહાન છે.

નમસ્કારના પદમાં રહેલી અદ્ભુત શક્તિ

દુષ્કૃતગર્હા વડે મરણ, સુકૃતાનુમોદન વડે જીવન તથા શરણાગમન વડે ભવાંતર સુધરે છે.

જીવન, મરણ અને ભવાંતર -

ત્રણેને સુધારવાની શક્તિ નમસ્કારના પદમાં રહેલી છે.
શ્રી નમસ્કાર મહામંત્ર ૬૮ અક્ષરાત્મક હોવાથી સૂત્રની અપેક્ષાએ તે દ્વાદશાંગીનું બીજ છે, અર્થની અપેક્ષાએ સર્વ આગમ - વૃક્ષ સમાન છે અને અધ્યાત્મશાસ્ત્રોમાં વ્યાપક હોવાથી તે સાગર સમાન છે.

નમો પદમાં દ્રવ્ય અને ભાવ - ઉભય નમસ્કાર થાય છે.
દ્રવ્યનમસ્કાર એટલે વાણી દ્વારા ગુણ, સ્તુતિ અને
કાયા વડે પંચાંગ પ્રણામ અને ભાવનમસ્કાર એટલે...
અહંકારને ન નમવું પણ નમવા યોગ્યને નમવું તે.
નમસ્કારપૂર્વક જીવવું તે ઉપશમધર્મ.
ભાવનમસ્કાર એટલે પરમેષ્ઠિઓના ગુણોનું ચિન્તન
અને તે ગુણોનું મનમાં પરિણમન.
ઈશ્વર એ તર્કનો વિષય નહિ - અનુભવનો વિષય છે.
નમો પદમાં વિનય છે, નમ્રતા છે, આજ્ઞાપાલનનો
અધ્યવસાય છે. નમો પદ એ પરમેષ્ઠિનું જીવન છે.
જેટલાં જીવો પરમેષ્ઠિ પદે પહોંચ્યા છે, તે વિનયના
પ્રભાવે જ અથવા તો આજ્ઞા આરાધનાના બળે જ.
'સ્વમતિમાં - નિજમતિ' એ સંસાર છે, જ્યારે
'સ્વમતિમાં - જિનમતિ' એ મોક્ષ છે.
સ્વમતિમાં રાગ - દ્વેષ - મોહની ઉત્કટતા છે.
તેનો પ્રતિકાર નમસ્કારની મતિ વડે જ થાય છે.

# નવકારની ૬૮ માતૃકાનું માહાત્મ્ય

નવકારની ૬૮ માતૃકા બુદ્ધિમાન પુરુષોના સમય
તેમનું જનન, પરિપાલન અને વિશોધન કરનાર હોવાથી
માતાની જેમ તે જયવંતિ વર્તે છે.

સર્વ મંત્રોના જાપ આદિમાં માતૃકા-લિપિન્યાસ વિના
જે પણ કાંઈ કરાય, તે નિષ્ફળ જાણવું.
માટે સાધકોએ માતૃકા-લિપિનો ન્યાસ અવશ્ય કરવો.
૬૮ માતૃકા અનાદિ-સંસિદ્ધ છે.
તે કોઈએ બનાવેલ નથી, કિન્તુ અનાદિસિદ્ધ છે.
માતૃકા એ શબ્દ, પ્રાણ, બ્રહ્મ, ઈંદ્રિય અને મનરૂપ છે.
પરા એ બ્રહ્મમયવર્ણી છે, પશ્યંતિ એ મનોમયવર્ણી છે,
મધ્યમા એ વૈખરીવર્ણીનું કારણ છે, વૈખરી સ્થૂલ છે.
માતૃકા જગતનું પાલન કરનાર વિશ્વવ્યાપીની શક્તિ છે.

નવકાર એ નમનારને નમસ્કરણીય બનાવે છે, કેમકે
એ નિયમ છે કે:
નવકારથી વિનયી બનાય અને વિનયી નમસ્કરણીય બને.

## નવકાર મંત્રની ચૂલિકા સ્વયં ધર્મસ્વરૂપ છે.

ધર્મના પ્રણેતા, ધર્મના આરાધકો અને ધર્મ - ત્રણે કાળ વિશ્વમાં વિદ્યમાન છે. તેના પ્રભાવે જ વિશ્વ નિરાલંબ - નિરાધાર - નિયમબદ્ધ રહ્યું છે, રહે છે, રહેશે. નમસ્કારનો આરાધક શાશ્વતી મોક્ષનો આરાધક થાય, કેમકે નમસ્કારનું અનંતર ફળ પાપનો પ્રણાશ અને મંગળનું આગમન છે અને તેનું પરંપર ફળ આ લોકમાં અર્થ, કામ અને પરલોકમાં સિદ્ધિ, સ્વર્ગાદિ છે.

### ચૂલિકાનાં પદોનું માહાત્મ્ય

ચૂલિકાનાં પ્રથમ પદમાં સમ્યક્ત્વ અને શ્રુત છે.
પ્રભુની સ્તુતિ એ સમ્યગ્દર્શન છે અને
તે માટે અક્ષરોનું આલંબન તે શ્રુત છે.

ચૂલિકાનાં બીજા પદમાં
સર્વ કર્મની નિર્જરાદર્શક ચારિત્રનો વિચાર છે.

નવકારના છેલ્લાં બે પદમાં સર્વ મંગળમાં પહેલાં મંગળરૂપ તપ છે. પ્રભુનું નામ જ દ્રવ્યાનુયોગ છે.

## નવપદજી શેના ભંડાર ?

(૧) પરોપકારના ભંડાર = અરિહંતો.

(૨) અવિનાશી સુખના ભંડાર = સિદ્ધ ભગવંતો.

(૩) સદાચારના ભંડાર = આચાર્ય ભગવંતો.

(૪) વિનયના ભંડાર = ઉપાધ્યાય ભગવંતો.

(૫) સહાયના - સેવાના ભંડાર = સાધુ ભગવંતો.

(૬) દર્શન = સદ્ભાવનાનો ભંડાર.

(૭) જ્ઞાન = વૈરાગ્યનો ભંડાર.

(૮) ચારિત્ર = સદ્ગુણોનો ભંડાર.

(૯) તપ = સંતોષનો ભંડાર.

ધર્મ કેવળ પ્રવચન કે શ્રવણનો વિષય નહિ, કિન્તુ આચરણનો વિષય છે. પ્રભાતકાળે ઉઠીને મનમાં પ્રભુનું ચિંતન કરવું, તે પણ ધર્મનું જ એક અંગ છે. નવકાર વડે પ્રભુનું રૂપ જોવું, તે જ્ઞાનગુણ વિકસાવે છે, ભક્તિનો રસ ચાખવો, તે દર્શનગુણને પુષ્ટ કરે છે તથા શીલની સુગંધ તે ચારિત્રગુણની પુષ્ટિ કરે છે.

નવકારમાં ઉત્તમમાં ઉત્તમ જીવો રહેલા છે, તેથી
તે વિનયનો ઉત્કૃષ્ટ પ્રકાર છે.

નવકારનો સ્વભાવ પાપનો નાશ કરવાનો છે અને
પાપનાશ થાય, ત્યાં દુઃખ ન હોય.

દ્વાદશાંગીમાં પ્રવેશ કરવાની ચાવી નવકાર મંત્રમાં છે.

નમોપદ = ધર્મબીજ, કેમકે તેમાં ધર્મની પ્રશંસા છે.

આત્મામાં રહેલા જ્ઞાન - દર્શનાદિ ગુણોને
મોહરાજાએ પુદ્ગલના રૂપરસાદિ ગુણોમાં રોકી લીધા છે.

પ્રભુમાં મન ન લાગતું હોય, તો તેના ઉપાય:
જે વસ્તુમાં મન લાગતું હોય, તે વસ્તુ નવકાર જાપમાં
જોડવાથી તે દ્વારા મન પ્રભુમાં આપોઆપ જોડાય છે.

જ્ઞાન એ ગુરુને અને ગુરુ એ વિનયને આધીન છે.

તીર્થંકરોનું તીર્થંકરત્વ સર્વ જીવોના
કલ્યાણની ભાવનામાંથી ઉત્પન્ન થયેલું છે, તેથી
સર્વ જીવોના કલ્યાણ અને જીવોના સુખની ભાવના
એ જ તીર્થંકરોની આજ્ઞાનો સાર છે.

અન્ન, પાન, વસન, આસન, શયન, મન, વચન, તન, નમન.

આમ જેના અંતે નવ 'ન'કાર છે, તેવા દાનથી શું થાય?

અન્નદાનથી હિંસા અને મૃષાવાદનો ત્યાગ.

જળદાનથી ચોરી અને મૈથુનનો નાશ.

વસ્ત્રદાનથી પરિગ્રહ અને ક્રોધનો અભાવ.

આસનદાનથી માન અને માયાનો અભાવ.

શયનદાનથી લોભ અને રાગનો અભાવ.

મનપુન્યથી દ્વેષ અને કલહનો અભાવ.

વચનપુન્યથી અભ્યાખ્યાન અને પૈશુન્યનો અભાવ.

કાયપુન્યથી રતિ, અરતિ તથા પરપરિવાદના પાપનો નાશ.

નમસ્કારપુન્યથી માયા, મૃષાવાદ, મિથ્યાત્વશલ્યનો નાશ.

૯ પ્રકારના પુન્યથી ૧૮ પ્રકારના પાપનો પ્રલય થાય છે.

આ રીતે એક પુન્ય બે પ્રકારના પાપનો નાશ કરે છે.

નવકારથી ઉગતી પુન્યરૂચિથી પાપરૂચિનો અંત આવે છે.

પાપ આત્માને મલીન, પુન્ય આત્માને નિર્મળ કરે છે.

પાપ મળ છે, એને ધોવા માટે પુન્ય એ જળ છે.

નવકારનું પુનઃ પુનઃ રટણ અનેકગણું પુણ્ય વધારે છે અને
ઘણાં ઘણાં પાપનો નાશ કરે છે - કઈ રીતે ?

નવમું પાપસ્થાન લોભ અને અઢારમું મિથ્યાત્વશલ્ય - એ બે પાપ બધાં પાપોમાં સૌથી મોટાં ગણાય છે, તે બંનેનો નાશ એક જ નવકારથી સધાય છે, કેમકે તે દુન્યવી લોભનો શત્રુ છે તથા જીવમાં મુક્તિના સુખનો લોભ જગાડે છે. પાપને પાપ નહિ માનવારૂપ અને પુણ્યને પુણ્ય નહિ માનવારૂપ જડતાનો નાશ કરીને નવકાર શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે.

શુદ્ધ તત્ત્વનો પ્રેમ અને મુક્તિ સુખનો લોભ - એ બંને ૯મા અને ૧૮મા પાપના પ્રતિપક્ષી છે.

નમસ્કાર એ સન્માનનું દાન છે, જે સૌ દાન કરતાં ચઢીયાતું દાન છે. તે જે આપે, તેનો પુણ્ય ખૂટતું નહિ તથા તેનામાં પાપ પ્રવેશી શકતું નહિ, કેમકે નવકાર મહામંત્ર દ્વારા સન્માનને પાત્ર વ્યક્તિનું સન્માન કરવું, એ જ માનવજન્મનો લ્હાવો છે.

# નવકારના નવ પદોનું માહાત્મ્ય

પ્રથમના પાંચ પદોમાં પ્રભુ સાથે આપણો વાર્તાલાપ છે,
પછીના ચાર પદોમાં પ્રભુ આપણા સાથે વાત કરે છે
કે: 'તું નમ્યો છે, એટલે તારા સર્વ પાપનો નાશ થશે
અને પાપનાશથી સર્વ મંગળ તારી પાસે આવશે.'

## નવકાર એટલે પ્રભુનું જ નામ.

પ્રભુનું નામ સાત ભયથી - આઠ કર્મોથી છોડાવનાર છે.
માનવજીવન સુખ-દુઃખ માટે નહિં પણ ધર્મ માટે છે.
આ નમસ્કારમંત્રમાં પાંચ પ્રકારના ગુરુઓ રહેલાં છે:
આ અરિહંતો માર્ગદર્શક હોવાથી પ્રેરક ગુરુ છે,
સિદ્ધો અવિનાશી પદને પામેલાં હોવાથી સૂચક ગુરુ છે,
આ આચાર્યો અર્થના દેશક હોવાથી બોધક ગુરુ છે,
આ ઉપાધ્યાયો સૂત્રના દાતા હોવાથી વાચક ગુરુ છે.
સાધુઓ મોક્ષમાર્ગે સહાયક હોવાથી સહાયક ગુરુ છે.
પંચ ગુરુઓને નમસ્કારરૂપ હોવાથી આ નવકાર મંત્રને
'ગુરુમંત્ર' અથવા 'પંચ મંગલ' પણ કહે છે.

# પરમાત્માનું નામ

પરમાત્માના નામમાં જેટલાં પાપોને નાશ કરવાની શક્તિ છે,
તેટલાં પાપો તો મનુષ્ય કરી પણ શકતો નથી.
મનનો નાશ કરવાનું પ્રબળ સાધન પ્રભુનું નામ છે.
આખી દુનિયાની દોલત કરતાં એ નામ વધુ કિંમતી છે.
ભગવાનના નામથી સદા - સર્વદા રક્ષણ થશે જ.
તે ચિરહાજિર મહાન છે કે જે સુવાડે છે પણ સુતો નથી,
ખવડાવે છે પણ ખાતો નથી, પહેરાવે છે ખરો પણ
પહેરતો નથી અને જ્યાં જાઉં, ત્યાં સાથે આવે છે.
નવકારની જપસાધનામાં એનો ઉદ્દેશ છે કે:
શબ્દને પકડીને શબ્દાતીત એવા પરબ્રહ્મ પદમાં જવું.
નવકાર તે સાધના, અરિહંત તે સાધ્ય,
સિદ્ધ તે સિદ્ધિ, આચાર્યાદિ ત્રણ તે સાધક.
નવકારના ધ્યાનથી ભાવવપન થાય છે, તે સમ્યગ્દર્શન
અને ભાવથી અંકુર તે દેશવિરતિ - સર્વવિરતિ.
વચનયોગ તે દંડ છે.

## જીવનસમુદ્રનું મહામોલ મોતી : નમસ્કાર.

**નમઃ = સર્વ જ્ઞાનમય, ધ્યાનમય, તેજોમય શક્તિવિશેષ.**

ઇન્દ્રિયાદિયુક્ત ચિત્ત વિશ્વના આધારની અવસ્થાને સાચો નમસ્કાર કરવા દ્વારા શ્રી અરિહંતની આત્માના અખંડ આનંદનું અધિકારી બને છે.

### સિદ્ધ ભગવંતોના પ્રણિધાનથી શું બને ?

સિદ્ધ ભગવંતોના પ્રણિધાનથી શરીરની પીડાને સહવાની શક્તિ વધે છે, કેમકે તે વખતે પોતાના અરૂપી અને શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપનો ખ્યાલ કાયમ રહે છે.

કાયા, મન અને ઇન્દ્રિયોને કસવાથી જ સિદ્ધસ્વરૂપની સન્મુખ થઈ શકાય અને ભવ્ય જીવોને ય સિદ્ધિપદ પમાડવાની ભાવના પ્રગટ તો જ સાર્થક બને છે.

મહામંત્ર માતૃકાના ધ્યાને સમાધિનો આનંદ માણી શકાય. માતૃકાના વર્ણ આત્મામાં જવા માટે જ અમોઘ વિદ્યા મળી છે. જ્ઞાન અને ધ્યાન - ઉભયનું સંપૂર્ણ મિલન નમસ્કારની મહાસત્તાના અસ્તિત્વમાં આવી જાય છે.

## દ્વાદશાંગીનો સાર છે નવકાર.

શબ્દબ્રહ્મ દ્વારા આત્માનાં શબ્દાર્થ પરિજ્ઞાન પામે,
સરળ આપણો આત્મા ચૌદ પૂર્વનો સાર જાણી ગયો.
નામસ્મરણ સરળ અચિન્ત્યનું ચિન્તન, અવર્ણનીયનું
વર્ણન અને અરૂપનું રૂપ નિરખવા માટેનું ધ્યાન.
એ અપેક્ષાએ પ્રભુનું નામ પ્રભુથી પણ મહાન છે.
એ જાણવા માટે બુદ્ધિવાદ નિરર્થક છે, કેમકે તે બુદ્ધિથી
અતીત છે. એ માનવા માટે શ્રદ્ધાની આવશ્યકતા છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના આલંબને જ
જીવનો ઉપયોગ અશુદ્ધ મટી શુદ્ધ બને.

નવકારની ચૂલિકા વડે મનને સૂક્ષ્મ બનાવતાં અંતે
પરમેષ્ઠિપદીનું અસ્તિત્વ આપણું જ અસ્તિત્વ બને.
નવકાર એ માત્ર આત્મવિચાર નહિ, આત્મપદાર્થ છે.

એ પ્રતીતિ દૃઢ થવી જોઈએ કે:

નવકાર અને નવપદનું આલંબન જીવને તારનારું છે.
ભગવાનને શોધો નહિ પણ ભગવાન થવાનું શોધો.

## નવકાર મંત્રથી અનાહત નાદ લહરી...

માતૃકાના પ્રત્યેક અક્ષર સાથે ગણવાનું ચાલુ રાખતાં
અક્ષરો સાથે સાધકનું અભેદ પ્રણિધાન થાય છે.
તે પછી નાદ છૂટી જાય છે અને
અનાહત નાદ પણ આત્મામાં જ લય પામી જાય છે.
આમ માતૃકાના ૬૮ અક્ષરો જ નિર્વિચાર - નિર્વિકલ્પ
દશામાં સાધકને ધ્યાનમાં લઈ જવા અમોઘ સાધન બને છે.
માતૃકાના પ્રત્યેક અક્ષરની સાથે અભેદ પ્રણિધાન સાધી
તે આત્મામાં જ લય પામે, ત્યાં સુધી ધારણા બાંધીને
ધ્યાન ધરવું જોઈએ. 'નમો' પદ પણ પુન્યની માળા
સાથે સાથે ધ્યાનની માળા પણ બની શકે છે.

## નવકારના જાપ = પ્રભુનું નામ.

ચિંતાથી વિચારોથી બચવા - સર્વ પ્રકારના શારીરિક -
માનસિક કષ્ટોથી ઉગરવા પ્રભુનામ એ પરમ ઔષધ છે.
પ્રભુનું નામ જો હૃદયથી અને શ્રદ્ધાપૂર્વક લેવાઈ જાય,
તો તે વ્યક્તિ જીવનમાં સદાને માટે સુરક્ષિત જ છે.

## શ્રી નવકારને ગણનારો દુઃખી કેમ ન થાય?

ઉત્તર: દુઃખ ખોટી સમજણમાંથી ઉપજે છે. શ્રી નવકારના સ્મરણથી સાચી સમજ આવે છે, સદ્‌બુદ્ધિ જાગે છે, વેરવૃત્તિ નાશ પામે છે, સંતોષસુખ ઉપજે છે. 'પોતાનાં કરેલાં કર્મો જ પોતાને દુઃખ આપે' એ વાત નક્કી થવાથી શ્રી નવકાર મંત્રને ગણનારો બહારના ખરાબ નિમિત્તોથી અગર બહારની પ્રતિકૂળ પરિસ્થિતિથી દુઃખી થતો નથી પણ આ બહાને કર્મનો ભાર હળવો થાય છે અને શ્રી નવકાર મંત્રનો જાપ વધુ કરવાની તક મળી, એમ માની રાજી થાય છે.

## નવકાર ગણતી વખતે એમ વિચારવું કે:

'ચારિત્રના ધારકોને - પંચપરમેષ્ઠિઓને નમાવું છું. નવકાર મહામંત્ર મારા સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે અને કરેમિ ભંતેની પ્રતિજ્ઞાથી જે સામાયિક કરું છું, તે મારા ચારિત્ર ગુણની શુદ્ધિ કરે છે.'

માળા ગણવા પહેલાં અને પછી આ ભાવના ભાવવાની.

૫૪૦૦૦ સાગરોપમ જેટલાં પાપ કઈ રીતે નાશ પામે ?

નવકારના સાત સ્વરો - અ, આ, ઈ, ઉ, ઊ, એ, ઓ.

૬૮ × ૭ = ૪૭૬ + ૯ + ૮ + ૭ = ૫૦૦.

૫૦૦ × ૧૦૮ = ૫૪૦૦૦ સાગરોપમ જેટલું પાપ જાય.

નવકારના જાપથી પાપ કરવાની વૃત્તિનો નાશ થાય છે.
પાપ કરવું તો ભયંકર છે જ, પરન્તુ તેથી પણ વધુ ભયંકર તો પાપ કરવાની વૃત્તિ છે.

તેનો સદંતર નાશ નવકારના જાપથી થાય છે.

નવકારના પ્રથમ પદમાં વર્ણમાતૃકાનું પણ ધ્યાન છે. કામધેનુ ગાય, કલ્પવૃક્ષ તથા ચિંતામણિ રત્ન આદિ આપણા પુણ્યનો ઉદય સહકારી હોય તો વળી ફળે, નવકાર તો પાપનો નાશ કરે અને પુણ્ય ન હોય, તો મેળવી આપે છે, માટે ચિંતામણિથી ચઢીયાતો છે, તેથી તે મંત્ર નહિ પણ 'મહામંત્ર' કહેવાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ કર્મોના બંધન દૂર કરી શાશ્વત પદની સિદ્ધિ પ્રાપ્તિ કરાવે છે.

નવકાર મહામંત્રના જાપ = ઇષ્ટ નમસ્કૃતિ = વિશ્રામ.
પુદ્ગલરૂપી શરીરને જન્મ આપનાર, પાલન ઉપરાંત પોષણ કરનાર, શુદ્ધિ - વૃદ્ધિ કરનાર ઇષ્ટ નમસ્કૃતિ છે.
આત્મારૂપી હંસને વિશ્રામ તો ઇષ્ટને નમસ્કાર જ છે.
જગતની જેમ તાપ શમાવનાર, તૃષા છીપાવનાર અથવા કમલને હસાવનાર પરમેષ્ઠિ નમસ્કારને છોડીને બીજું કોઈ વિશ્રાંતિનું સ્થાન અહીં લોક, અહીં કાળમાં નથી.
બાહ્ય બધા વિસામા કલ્પિત વિશ્રાંતિ આપીને ફરીફરીથી તપાવનાર છે, કિન્તુ સાચો અને કાયમી વિસામો તો ભાવપૂર્વકના પરમેષ્ઠિ નમસ્કારથી જ પ્રાપ્ત થાય છે.
એથી અનુપમ વિશ્રાંતિ મળે છે. મહાન સાધની મુમુક્ષો આત્માની વિશ્રાંતિ માટે આ મહામંત્રનું જ ધ્યાન ધરે છે.

મહામંત્રના ધ્યાનમાં મન પરોવાઈ જાય, તો
તેને સર્વે બાજુથી વિશ્રાંતિ આપોઆપ આવી મળે છે.

માટે આ અસાર એવા સંસારમાં
ઇષ્ટ નમસ્કૃતિ એ જ સર્વસ્વ - સારભૂત વસ્તુ છે.

'બધા જીવોને મોક્ષ મળો' એ ભાવના સહિત
શ્રાવકે રોજ પાંચ નવકારવાળી નીચે પ્રમાણે ગણવી:

એક માળા દરેક ઉપર : નંદાવર્ત પ્રમાણે.
એક માળા એક વેઢા ઉપર : એક કમળબંધ નવકાર.
એક માળા એક વેઢા ઉપર : નવ કમળબંધ નવકાર.
બે માળા શબ્દના ધ્વનિ ઉપર : ધ્યાન કેન્દ્રિત કરીને.
એક માળામાં ૨૦ મિનિટથી વધારે ન થવા જોઈએ.
નવકાર ગણતાં એના ધ્વનિ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

નવકારના શબ્દોમાં મહામુનિઓનો
જગતનું હિત કરવાનો ઉત્કૃષ્ટ સંકલ્પ છે.
તે સંકલ્પ પાછળ તેમના ઉત્કૃષ્ટ ચારિત્ર અને તપ છે,
તેથી તે શબ્દો અચિન્ત્ય શક્તિમાન બન્યાં છે.
તેનો આશ્રય લેનારની ભવપીડાનું તે નિવારણ કરે છે.

નવકાર મંત્રના શબ્દમાં એવી શક્તિ છે કે:
એ આત્માને છ જીવનિકાયના હિતવાળા તથા
શ્રી પંચપરમેષ્ઠિ જેવા જ વીતરાગ બનાવી દેશે.

'નમો અરિહંતાણં' મંત્રમાં...

(૧) મંત્રદેવતા – અરિહંત (૨) મંત્રદાતા – ગુરુ
(૩) મંત્રનો જાપ કરનાર – આપણો આત્મા છે તથા
(૪) જપનું સાધન – આપણા પ્રાણ – મન – વાયુરૂપી પ્રાણ.
બોલતી વખતે અંદરના વાયુરૂપી પ્રાણમાં જે હિલચાલ
થાય છે, તે પ્રાણ – ઓષ્ઠ – તાળુ વગેરે સાથે અથડાય,
ત્યારે અવાજ નીકળે તે સ્થૂલ ધ્વનિ.

સૂક્ષ્મ ધ્વનિ રૂપ અનાહત નાદ તો
સૃષ્ટિમાં નિરંતર ચાલ્યાં જ કરતો હોય છે.

માળા ગણવી એ અમૃતક્રિયા છે.
તે ગણતી વખતે શબ્દમાં મન – વચન – કાયા પરોવવા.
માનસજાપ અંતરંગ સંબંધ બંધાવે છે.
દેવ – ગુરુ – પ્રાણ વગેરે સાથે અક્ષરો સંબંધ કરાવે
છે, એટલે કાર્ય અક્ષરોએ કરવાનું છે, આપણે નહીં.
જેમ કામ દવા કરે છે, દવાનું વિજ્ઞાન નહીં, તેમ
કર્મરોગ મટાડવા માટે આ મંત્રના અક્ષરો એ ઔષધ છે.

નવકારના જાપ પૂર્વે સદા દૃઢ સંકલ્પ કરવો કે:

'આ પવિત્ર ક્રિયાના બળથી મારી અંદર સાધકભાવ અર્થાત્ સાત્ત્વિકભાવ ઉત્પન્ન થવાનો છે, શુભમાંથી શુદ્ધિમાં જવા માટે ખૂટતી કડીઓ આ ક્રિયા મેળવી આપશે.' આ ભાવનાથી ક્રિયા ઉપરનો ભાવ અખંડ રહેશે તથા મહામંત્રના જાપ કદાપિ બિનજરૂરી નહિ લાગે.

જાપ વખતે કર્મક્ષય માટે આત્મસ્વરૂપની વિચારણા તથા આત્માને નિર્મળ કરવાના ભાવો મુખ્ય બનાવવા.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપની કોઈ પણ ક્રિયા ઉપયોગપૂર્વક - રસપૂર્વક - ઇચ્છાપૂર્વક કરવી જોઈએ.

'મહામંત્રની સાધના' પ્રત્યે
આટલું આકર્ષિત થવાનું શું કારણ છે?
તેનો ટૂંકમાં ઉત્તર એટલો જ છે કે:
એવી સુદૃઢ શ્રદ્ધા જૈનકુળમાં જન્મેલાઓને
વારસાગત મળેલી છે કે શ્વાસ વિના હજુ ચલાવી શકાય,
મહામંત્ર શ્રી નવકાર વિના ન ચાલી શકે.

જિનશાસનને પામેલા પુણ્યવાન આત્માનો પ્રભુ નવકાર.

જન્મતાં, મરતાં, ઉઠતાં, બેસતાં, જાગતાં, ખાતાં, પીતાં,
સુખમાં કે દુઃખમાં, ત્યાગ કે ભોગમાં -
સૌ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને ચિત્તસમાધિ માટે
આ નમસ્કારમંત્રની જરૂર પડે છે - સૌથી મોટું ધન છે.
મહામંત્રના સ્મરણ વિના તે માતા વિનાના બાળકની
જેમ અનાથતા તથા બેચેની અનુભવે છે.
નવકાર એ સમ્યગ્દૃષ્ટિ જીવની માતા છે, પિતા છે,
બંધુ છે, મિત્ર છે, સ્વામી છે, ગુરૂ છે. લૌકિક ઉપકારી
માતાપિતાદિ પણ તેના પ્રભાવે છે, એમ તે માને છે.
જન્માંતરે તેનો એજ એક સથવારો - સાથી - સહાયક છે.

આવી શ્રદ્ધા તેને શાથી બંધાણી હોય છે?

કેમકે તેને વારંવાર સાંભળવા મળે છે કે:
'નવકાર એ દ્વાદશાંગીનો સાર છે, ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે,
ચૌદ પૂર્વીઓને પણ અંત સમયે તે જ એક પરમ આધાર છે'.
આ કહેનારા પુરૂષો તેને મન શ્રદ્ધેય - આરાધ્ય છે.

વળી તે માને છે કે આ નમસ્કાર મહામંત્રના
પ્રત્યેક પદો તથા વર્ણો પવિત્ર છે, કેમકે તે શાશ્વત છે,
તેનું સ્મરણ કરનારને પવિત્ર કરનાર છે અને
પવિત્રતમ એવા પરમ પદને આપનાર છે, ઉપરાંત
તે નવે પદો સર્વ લબ્ધિઓથી યુક્ત છે.
લબ્ધિઓથી યુક્ત વસ્તુઓનું દેવતાઓ સંનિધાન કરે છે,
તેથી આ મહામંત્રના પ્રત્યેક ૬૮ વર્ણો,
પ્રવર એવા પ્રભાવક દેવતાઓથી અધિષ્ઠિત છે.
વળી તે જાણે છે કે મંત્રના અક્ષરોને તેના વાચ્ય
પંચ પરમેષ્ઠિઓની સાથે અનાદિસિદ્ધ સંબંધ છે.
મંત્રપદોનું સ્મરણ કરવાથી પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ
થાય છે. મંત્રના અક્ષરો એ માત્ર અક્ષરો જ નહિ પણ
વાચ્ય-વાચક સંબંધથી સિદ્ધ સ્વયં પરમેષ્ઠિઓ જ છે.
સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો આ મહામંત્રનું સતત આરાધન
કરી રહ્યા હોય છે અને એ દ્વારા પંચ પરમેષ્ઠિઓની
સાથે તન્મય ભાવને પામી રહ્યાં હોય છે.

જૈન શાસ્ત્રોમાં ઇષ્ટદેવતાના સતત સ્મરણને
આદિ ધાર્મિક પુરુષનું પ્રધાન લક્ષણ કહ્યું છે.
શ્રી જિનેશ્વર દેવના શાસનમાં આ મહામંત્રનું
આરાધન કરવા માટે આબાલ - વૃદ્ધ સૌ કોઈ જીવને
એક અપેક્ષાએ સમાન અધિકારી માન્યાં છે, એ રીતે
સર્વ પ્રકારના અધિકારીને ઉપકારક હોવાથી
મહામંત્રની સાધનામાં ઉપયોગી એવા વિષયો
તેના અર્થી જીવોને પ્રિય હોય, એમાં આશ્ચર્ય નથી.
જ્યાં સુધી આ મહામંત્ર અને તેની સાધના વિદ્યમાન છે,
ત્યાં સુધી જૈન સંઘને તેનો અભ્યુદય સાધવામાં
તે ધારે તો એક ક્ષણ પણ વિલંબ થાય તેમ નથી.
માત્ર સાધકોએ યોગ્ય અને અધિકારી બનવું જોઈએ.
સર્વ તીર્થંકરો તથા ગણધરો તે ભવમાં યા પૂર્વ ભવોમાં
આ મહામંત્રની સાધના કરી તેનું ફળ સાક્ષાત્ અનુભવીને
ઉપદેશનારા હોય છે. તેઓની સંસ્કારશક્તિ પણ આ
મહામંત્રને પ્રભાવશાળી બનાવવામાં સહકારી હોય છે.

શ્રી નવકાર દ્વારા જાણવાની વસ્તુ આત્મા છે અને
જાણનાર પોતે પણ આત્મા જ છે,
તેથી શ્રી નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે.
ચૌદ પૂર્વ પણ આત્માને જણાવે છે તથા
શ્રી નવકાર પણ આત્માને જણાવે છે.
જે ફળ ચૌદ પૂર્વના અધ્યયન વડે પમાય છે,
તે જ ફળ શ્રી નવકાર મંત્રના અધ્યયન વડે પમાય છે.
તે ફળને 'ચિત્તવિશુદ્ધિ' કે 'ભાવવિશુદ્ધિ' પણ કહે છે.
આપણા મહામહિમાશાળી આત્મદ્રવ્યને
ઓળખાવનાર શ્રી તીર્થંકર પરમાત્માઓ છે,
તેથી તેમના પ્રત્યેની ભક્તિ અભાવ જતાં ક્રિયા તરફ
આદર જગાડી પ્રયત્નમાં પરિણામ પામે છે.
મંગલાણં ચ સવ્વેસિં = આપણું શુદ્ધ આત્મદ્રવ્ય. માટે
પરમાત્માના શરણાગતને કોઈ અમંગલ નડતું નથી,
પરન્તુ અમંગલકારી બળો પણ મંગલકર નીવડે છે.
સરવાળે સઘળો મહિમા આત્મદ્રવ્યનો છે.

શિવસુખનું અદ્વિતીય કારણ દર્શાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે:
"શ્રી નમસ્કાર મહામંત્રમાં પુણ્યાનુબંધી
પુણ્યની પ્રાપ્તિના સઘળાં ઉપાયોનો સંગ્રહ છે, કેમકે
શ્રી નમસ્કાર મંત્રથી ભવભ્રમણનો પરિચ્છેદ જાગે છે;
સંસારનાં સુખો પ્રત્યે ઉદાસીનતાનો ભાવ જાગે છે,
દેવ-ગુરુની વિધિવત્ અકલ્પ ચિત્તે ઉપાસના થાય છે,
દયા - દાન - પરોપકાર - સદાચાર આદિના પાલનરૂપ
શાલવૃત્તિ જાગે છે, પરપીડાથી નિવૃત્ત થવાની નહીં,
પરને સહાયરૂપ બનવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે,
ચિત્તવૃત્તિની અશુદ્ધિનો ક્ષય થાય છે,
વિશુદ્ધ ચિત્તની ઉત્પત્તિ થાય છે, વળી વિશુદ્ધ ચિત્તમાં
આત્મલાભનું પ્રતિબિંબ પડે છે અને આત્મલાભ
મોક્ષપ્રાપ્તિનું કારણ બની મોક્ષસુખ અપાવે છે:"
આ બધા લાભોનું મૂળ શ્રી નમસ્કાર મંત્રની
આરાધના બને છે. આથી શ્રી નવકાર મંત્રની આરાધનાને
શાસ્ત્રોમાં શિવસુખનું અદ્વિતીય કારણ માન્યું છે.

નવકારના જાપને શીઘ્ર ફળદાયી બનાવવા માટેની
અનિવાર્ય શરત અરિહંતદેવ પ્રત્યેની અવિહડ ભક્તિ છે.

નવકાર મહામંત્રના પ્રકાશક તેઓ છે.
તેમના પ્રત્યે જેટલી ભક્તિ, જેટલી શ્રદ્ધા અને
જેટલો વિશ્વાસ અધિક, તેટલું ફળ અધિક.

મોક્ષમાર્ગની સાધનામાં અરિહંતદેવ મુખ્ય છે.

જાપની વિધિમાં એકાગ્રતા મુખ્ય છે.

બીજા કોઈ વિચારને જાપ વખતે આવવા દેવો જોઈએ નહિ. પાણીમાં ડૂબકી મારતી વખતે જેમ પાણી સિવાય કોઈપણ વસ્તુની સ્મૃતિ હોતી નથી, દુનિયા જળમય બની જાય છે, તેમ જાપ વખતે મનને પંચ પરમેષ્ઠિના ધ્યાનરૂપી સાગરમાં ડૂબકી જ મારવાની છે. તે વખતે આપણી આંતર દુનિયા પરમેષ્ઠિમય થઈ જવી જોઈએ. શરૂઆતમાં બીજા વિચારો આવ્યાં વિના નહિ રહે, પણ તેને જાગૃતિપૂર્વક દૂર હટાવવાનાં હોય છે. બીજો વિચાર આવતાંની સાથે તેને હડસેલી દેવો જોઈએ.

શ્રી નવકાર મહામંત્રનો આરાધક અરિહંત શ્રી તીર્થંકર
ભગવંતના દાસનો પણ દાસ, સકલ જગહિતચિંતક,
સર્વનું કલ્યાણ વાંછનાર હોય.

જેના હૈયામાં સ્વાર્થ ભર્યો હોય, સર્વજીવોના હિતની
ચિંતા ન હોય અને એવી ચિંતા ધારણ કરનાર સંઘ,
સાધર્મિક કે શાસનની ચિંતા ન હોય
તેને નવકારની સાથે સંબંધ કેમ થાય ?
તે નવકાર ગમે તો પણ ફળે કેવી રીતે ?

શ્રી નવકાર મંત્રના આરાધક થવા માટે સર્વને
હૈયામાં સમાવવા જેટલું વિશાળ હૈયું રાખવું પડશે.

શ્રી નવકારની આરાધનાને સફળ બનાવવામાં સહાયક 'ખામેમિ સવ્વ જીવે |' 'શિવમસ્તુ સર્વ જગતઃ |' ઇ. પહેલા ભાવના પાકેલા ગુમડામાંથી રસીને દૂર કરવા બરાબર છે. બાદ ભાવના રસી દૂર થયાં પછી મલમની પટ્ટી ચોડવા બરાબર છે. એ બન્ને ભાવનાપૂર્વકનું મંત્રારાધન ભાવતંદુરસ્તી બક્ષ્યા વિના રહેતું નથી.

નમસ્કારમાં તન્મય થવું અર્થાત્ નમસ્કારના બનવું.

નમસ્કાર વિના વિહ્વળ થવું.

તેના સ્મરણ માત્રથી હૈયું ભીંજાઈ જવું.

નવકારના સ્મરણ માત્રથી હૈયું ક્યારે ભીંજાય?

શ્રી તીર્થંકર દેવોની વિશિષ્ટતા ધ્યાનમાં આવે તો.

એ વિશેષતા તેમની પરાર્થવ્યસનિતા અને

સ્વાર્થવિસર્જનતામાં રહેલી છે.

માત્ર ભવિ જ નહીં પરંતુ સર્વ જીવોને શાસનરસિક -

મોક્ષમાર્ગનાં રસિક બનાવવાની તેમની હિતચિંતામાં છે.

આ હિતચિંતા સામાની લાયકાત ઉપર નહીં,

પરંતુ તેમના પોતાના ઉપર નિર્ભર છે.

બુદ્ધિ સામાની લાયકાતને જુએ છે,

હૃદય પ્રેમના પાત્રને પારખે છે.

પ્રેમ કોને જોઈતો નથી? સર્વ કોઈ તેને ઝંખે છે.

તીર્થંકર પરમાત્મા સર્વને પોતાનો પ્રેમ આપે છે,

તેથી તેઓ ત્રિભુવનપતિ બને છે.

નમસ્કારભાવ કેળવવાનો મોટો મંત્ર 'નમો અરિહંતાણં' છે.
જેઓ ભાવથી એ મહામંત્રનું નિત્ય સ્મરણ કરે છે,
તેઓની અપાત્રતા નાશ પામે છે, પાત્રતા વિકસે છે,
કર્મનો સંબંધ ઘટે છે, ધર્મનો સંબંધ વધે છે,
સ્વાર્થવૃત્તિ ઘટે છે, પરાર્થવૃત્તિ વધે છે,
ચિત્તની સંકુચિતતા નાશ પામે છે, વિશાળતા વધે છે,
પરિણામે કર્મનો ક્ષય થઈને પરંપરાએ મોક્ષ મળે છે.
નવકારનું પ્રથમ પદ 'નમો' સદ્વિચારનું પ્રેરક છે,
'અરિહં' પદ સદ્વિવેકનું પ્રેરક છે અને
'તાણં' પદ સદ્વર્તનનું પ્રેરક છે.
નિશ્ચયથી રત્નત્રયી = સદ્વિચાર, સદ્વિવેક, સદ્વર્તન.
નવકારનું પ્રથમ પદ પરરૂપેણ નાસ્તિત્વરૂપ શૂન્યતાનું,
સ્વરૂપેણ અસ્તિત્વરૂપ પૂર્ણતાનું અને
ઉભયરૂપે યુગપદ્ અવાચ્યરૂપ સ્વસંવેદ્યત્વનું બોધક છે.
તેથી શૂન્યતા - પૂર્ણતા - અનંતતાની ભાવના કરાવી
જીવને ભક્તિ - વૈરાગ્ય - જ્ઞાનથી પરિપૂર્ણ બનાવે છે.

આગમોમાં નમસ્કાર પદનો અર્થ નીચે મુજબ કહ્યો છે:

'મણસા ગુણપરિણામો, વાયા ગુણઆસણં ચ પંચણ્હં
કાએણ સંપણામો, એસ પયત્થો નમુક્કારો ॥'

મનથી પંચપરમેષ્ઠિના ગુણોનું પરિણમન, વચનથી તેમના ગુણોનું ભાષણ તથા કાયાથી પંચ પરમેષ્ઠિ ભગવંતોને સમ્યક્ પ્રણામ કરવો, તે જ નમસ્કાર પદનો અર્થ છે. 'નમો' વડે ગુણોનું પરિણમન, 'અરિહં' વડે ગુણોનું ભાષણ તથા 'તાણં' પદ વડે કાયાનું પરિણમન થાય છે.

પરિણમન, ભાષણ અને પ્રણામન કરાવે છે, તેથી મન - વચન - કાયાના ત્રણેય યોગોનું સાર્થક્ય થાય છે.

અન્ય કરવા લાયક: (૧) કાયોત્સર્ગ (૨) નવપદનું ધ્યાન (3) વિપશ્યના (૪) શાસ્ત્ર પઠન (૫) ધ્યાન વિચાર (૬) શ્રી નવકાર મહામંત્રનું સતત ધ્યાન (૭ - ૮) સિદ્ધસેનીય સ્તુતિ - મહાદેવ સ્તોત્રનું પઠન (૯ - ૧૦) વિવિધ મંત્રોનું ધ્યાન (૧૧) સૂરિમંત્ર સ્મરણ (૧૨) સદ્ગુરુસ્મરણ - પાટપરંપરાના મહાત્માઓને વંદન.

નવકાર મંત્રના આરાધકને બાહ્યાંતર શૌચ અને
સંતોષ તથા પૂર્વે કહ્યાં મુજબ તપ, સ્વાધ્યાય ઉપરાંત
ઈશ્વરપ્રણિધાન નિયમોની સાધના થાય છે.

આ મંત્રને ગણનાર સ્થિર સુખાસનની અને બાહ્ય-
આભ્યંતર પ્રાણાયામની સાધના કરવાનો પણ થાય છે.
નવકારનો સાધક ઈંદ્રિયોનો પ્રત્યાહાર, મનની ધારણા
અને બુદ્ધિની એકાગ્રતારૂપ ધ્યાન તથા અંતઃકરણની
સમાધિનો અનુભવ કરે છે. 'નમો' પદ વડે નાદની, 'અરિહં'
વડે બિંદુની અને 'તાણં' પદ વડે કલાની સાધના થાય છે.

નવકાર મંત્રને ગણનાર અહિંસક બને છે,
સત્યવાદી થાય છે, વળી અચૌર્ય, બ્રહ્મચર્ય અને
અપરિગ્રહ વ્રતનો પણ આરાધક થાય છે.

તદુપરાંત વિધિયુક્ત નવકાર મંત્ર ગણનારને
યોગના આઠ અંગ યમ, નિયમ, આસન, પ્રાણાયામ,
પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ કહેલાં છે,
તે પ્રત્યેક અંગની સાધના સધાય છે.

નમસ્કાર એટલા માટે મંગલ છે કે તે
છ એ જીવનિકાયની સાથે ગુણ લાક્ષણ કરે છે,
નિજના હિતની મંગણા કરે છે અને
તે દ્વારા ચારે ય પુરુષાર્થને આકાંક્ષા આપે છે.
પંચ મંગલ એ પરમાત્માની આજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે.
પરમાત્માની આજ્ઞા હેયનું ત્યાગ, ઉપાદેયનું ઉપાદાન
અને ઉપેક્ષણીયની ઉપેક્ષા સ્વરૂપ છે.
મિથ્યાત્વાદિ હેય છે, સમ્યક્ત્વાદિ ઉપાદેય છે અને
અનાત્મ તત્ત્વ ઉપેક્ષણીય છે. પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા
મિથ્યાત્વાદિ પાપોનો નાશ થાય છે, સમ્યક્ત્વાદિ ગુણોનો
સ્વીકાર થાય છે અને અનાત્મ તત્ત્વની ઉપેક્ષા થાય છે.
પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા જીવની શુભાશુભ અવસ્થાઓ
પ્રત્યે અનુક્રમે પ્રમોદ તથા કારુણ્ય ભાવો કેળવાય છે.
જીવમાત્ર પ્રત્યે મૈત્રીરૂપ - જડમાત્ર પ્રત્યે વૈરાગ્યરૂપ
વિચારના મર્મને પરમેષ્ઠિ નમસ્કાર સ્પર્શે છે, જે
આત્મલાભ પ્રાપ્ત થવાનું મુખ્ય સાધન છે.

## પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર શું કરે ?

પંચ નમસ્કાર અનર્થ અને અનિષ્ટનો ઘાત કરે છે. તે ભવભયથી પીડિતને શરણ આપે છે, દુઃખ - દારિદ્રયથી બચવાનો માર્ગ બતાવે છે અને ભવકૂપમાં પડતાં જીવોને આલંબનભૂત થાય છે. પ્રભુની આજ્ઞામાં જેટલાં ગુણો છે, તે બધા ગુણોને પામવાને પરમેષ્ઠિ નમસ્કાર કરનારો અધિકારી બને છે, વળી પરમેષ્ઠિ નમસ્કાર એ સારની પોટલી છે, રત્નની પેટી છે, ઢાંકેલું નિધાન છે, ધર્મરૂપી કાંચનનો કરંડિયો છે અને મુક્તિના મુસાફર એવા ભવ્ય આત્માઓને દેવાધિદેવનું પરમ ભેટણું છે. પરમેષ્ઠિ નમસ્કારનો આરાધક આજ્ઞાનો આરાધક બને છે અને આજ્ઞાનો આરાધક શિવસુખને પામે છે.

પ્રભુની આજ્ઞા છે એ જીવનિકાયનું હિત કરનાર હોવાથી પંચમંગલનો સેવક સહુનું હિત ચિંતવનારો થાય છે. જીવરાશિ ઉપર હિતનો પરિણામ મૈત્રી છે. મૈત્રીભાવ ધારણ કરનારો પરમાત્મઆજ્ઞાનો આરાધક થાય છે.

શ્રી નવકાર મંત્રમાં પંચપરમેષ્ઠિઓનું સન્માન થાય છે,
તેથી તે મોટામાં મોટું - સર્વશ્રેષ્ઠ સન્માનનું દાન છે.

શ્રી નવકાર મંત્ર દ્વારા સર્વ દુઃખી જીવોના
દુઃખને દૂર કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે,
તેથી તે મોટામાં મોટી દયા તથા કરૂણા છે.
સર્વોત્કૃષ્ટ દયા અને દાન વડે
માયા અને માનનો નાશ કરનાર હોવાથી,
શ્રી નમસ્કાર મંત્ર એ જીવનમાં
ઉત્તમ પરિવર્તન લાવનાર સર્વશ્રેષ્ઠ મહામંત્ર છે.

નમસ્કારની ચૂલિકા સમ્યક્ત્વરૂપી સંવરને કરે છે, સાધુનમસ્કાર સર્વવિરતિ સંવરને પ્રગટ કરે છે, આચાર્ય નમસ્કાર અને ઉપાધ્યાયનમસ્કાર અપ્રમાદ સંવરને અમલ કરે છે, અરિહંતનમસ્કાર એ અકષાય સંવરને તથા સિદ્ધનમસ્કાર એ પ્રધાનતયા અયોગ સંવરને અમલ કરે છે. એ પાંચ નમસ્કાર પાંચે ય પ્રકારના સંવરને પુષ્ટ કરે છે, તેથી તે પરમ મંગલ સ્વરૂપ છે.

# પાપનો પશ્ચાત્તાપ અને પુણ્યનો પ્રમોદ

પાપકાર્ય કરીને જેને ખરેખર પસ્તાવો થાય,
તેનું પાપ વધતું અટકી જાય છે.
ધર્મકાર્ય કરીને જેને ગર્વ ન થાય,
તેનું પુણ્ય ઘટતું અટકી જાય છે.

નમસ્કારમંત્રમાં પાપનો પશ્ચાત્તાપ - પુણ્યનો પ્રમોદ છે.
પાપનો પશ્ચાત્તાપ એ દુષ્કૃતગર્હાનું જ બીજું નામ છે.
પુણ્યનો પ્રમોદ એ સુકૃતાનુમોદનાનો પર્યાય શબ્દ છે.
આ નમસ્કારમંત્રની આરાધના પાપથી પાછા ફરવાની અને
પુણ્યમાં આગળ વધવાની પ્રેરણા આપે છે. તેથી પાપ
નિરનુબંધ બને છે અને પુણ્ય સાનુબંધ થાય છે.
પુણ્યાનુબંધી પુણ્યનો અર્થી અને પાપાનુબંધીથી ભીરુ
એવા પ્રત્યેક મુમુક્ષુ આત્માઓ માટે
નિત્ય ૧૦૮ વાર આ નમસ્કારમંત્રનું સ્મરણ આજ સુધી
નહીં પ્રાપ્ત થયેલ એવા આધ્યાત્મિક નવા દુનિયામાં
પ્રવેશ કરવાનું પ્રબળ સાધન બને છે.

જેમ સુવર્ણના અલંકારોમાં સુવર્ણ મુખ્ય કારણ છે,
તેમ અર્થ - કામ - મોક્ષપ્રાપ્તિમાં ધર્મ મુખ્ય કારણ છે.

અર્થ, કામ અને મોક્ષ - એ ત્રણે
ધર્મરૂપી સુવર્ણના જ ભિન્ન ભિન્ન ઘાટ છે.

તે ધર્મ પ્રત્યેની પ્રીતિ નમસ્કારભાવથી જાગે છે, તેથી
પરમેષ્ઠિ નમસ્કાર એ ધર્મની પ્રાપ્તિનું દ્વાર છે.

માર્ગે ચાલવું તેટલું કઠિન નથી,
જેટલું કઠિન માર્ગે ચઢવું તે છે.

આ નમસ્કાર મહામંત્ર જીવને અધ્યાત્મ માર્ગે ચઢાવે છે.

શુદ્ધ અધ્યાત્મના માર્ગે ચઢ્યાં પછી જીવની જેટલી શક્તિ, તેટલો તે માર્ગે ચાલવા પ્રયાસ કરે છે અને તેથી મોડો - વહેલો પણ પોતાના ઇષ્ટ સ્થાને પહોંચે છે.

શુદ્ધ અધ્યાત્મ તે પાપરહિત થવાનો માર્ગ છે. પુણ્યની ય પેલે પાર તેનાથી જ જવાય છે. નવકાર દુષ્કૃતગર્હારૂપ હોવાથી સાધકને પાપરહિત અને સુકૃતાનુમોદનરૂપ હોવાથી પુણ્યાનુબંધી પુણ્યવાળો બનાવે છે.

શ્રી નમસ્કાર મંત્ર દુષ્કૃતનો ક્ષય કરે છે,
સર્વ પ્રકારના સુકૃતને પેદા કરે છે અને
આત્માના શુદ્ધ સ્વરૂપ સાથે અનુસંધાન કરી આપે છે.

સંસારી આત્મા પાપરૂચિના કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે. શ્રી નમસ્કારમંત્ર પાપરૂચિ ટાળે છે અને ધર્મરૂચિ પ્રકટાવે છે. પાપરૂચિ ટળવાથી પરપીડા પરિહારની વૃત્તિ જાગે છે અને ધર્મરૂચિ પ્રકટવાથી પરાનુગ્રહનો પરિણામ ઉત્પન્ન થાય છે તથા તે બન્ને થવાથી ચિત્ત નિર્મળ બને છે. નિર્મળ ચિત્તમાં આત્મ-જ્ઞાન આવિર્ભાવ પામે છે. આત્મજ્ઞાન અનાદિકાલીન અજ્ઞાન અને મોહનો નાશ કરી શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ કરાવે છે. શુદ્ધાત્માની અનુભૂતિ સકલ કર્મના ક્ષયનું કારણ બની અવ્યાબાધ પદની પ્રાપ્તિ કરાવે છે. આ રીતે શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ૪ પ્રકારના ધર્મ અને જ્ઞાનાદિ ૪ ગુણોની પુષ્ટિ વડે ૪ ગતિ અને તેનું મૂળ ૪ કષાયોનો અંત કરી પંચમ ગતિ અપાવે છે.

## નમસ્કાર - સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય

શ્રી અરિહંતને નમસ્કાર, શ્રી સિદ્ધને નમસ્કાર, શ્રી આચાર્યને નમસ્કાર, શ્રી ઉપાધ્યાયને નમસ્કાર તથા સર્વ શ્રી સાધુને નમસ્કાર એ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓને નમસ્કાર છે. શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુને નમસ્કાર તે છઠ્ઠા ગુણસ્થાનકથી ૧૨-૧૩મા ગુણસ્થાનક સુધીની અવસ્થાને, અરિહંતને નમસ્કાર એ ૧૩મા ગુણસ્થાનકને અને સિદ્ધનમસ્કાર એ મુખ્યતાએ ચૌદમા ગુણસ્થાનકને નમન છે.

તે બાહ્ય ભાવો સાથેની અહંતા - મમતાનો નાશ કરી આંતરભાવો સાથેની અહંતા - મમતાને જગાવે છે.

વસ્તુતઃ નમસ્કાર એ નિર્મમતા, નિરહંતા અને સમતાનો ઉત્પાદક છે. સમતા સમાધિસ્વરૂપ છે તથા બાહ્ય વિષયોની મમતા એ સંક્લેશસ્વરૂપ છે.

સંક્લેશ ટાળી સમાધિ સાધી આપનાર પરમેષ્ઠિ નમસ્કાર સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય છે.

શાસ્ત્રોમાં પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રને ધર્મ કહ્યો છે.

'वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते' ॥

અર્થ: પૂર્વાપર અવિરુદ્ધ એવા વચનને અનુસરીને, મૈત્ર્યાદિભાવયુક્ત યથોક્ત અનુષ્ઠાનને 'ધર્મ' કહેલ છે.

નમસ્કાર એટલે પ્રભુની કૃપા.

જેમ વરસાદનું પાણી સર્વત્ર પડે છે, પરંતુ તે ટકે છે નીચાણવાળાં સ્થાનોમાં પણ ઊંચા પર્વતો ઉપર નહિ.
તે રીતે પ્રભુની કૃપા સર્વત્ર છે પણ તેની અભિવ્યક્તિ
જ્યાં દૈન્ય અને વિનમ્રતા છે, ત્યાં જ થાય છે,
પરંતુ અહંકાર - અભિમાનાદિ પર્વતીય સ્થાનોમાં નહિ.
જીવ દૈન્યબુદ્ધિ સંયુક્ત જ્યાં સુધી થાય નહિ,
ત્યાં સુધી તેને ભગવત્પ્રાપ્તિ અશક્ય છે.
ભક્તિ, પ્રીતિ, અનુરાગ કે પ્રેમસાધનામાં
દૈન્યની જ એક પ્રધાનતા છે.

સકલ ભાવોનો એક મોટી ગ્રન્થિ, એટલે જ નમસ્કાર.

Nov. 24, 1929

# શ્રી Navkar Mahamantra

Navkar is the Divine descent in & through the પંચ પરમેષ્ઠિ for expediting the work of Cosmic evolution.
It is the superb combination of Divinized consciousness and Nature's Divine.
Navkar is supramental manifestation of mother nature upon earth.
Navkar Mahamantra is the Divine light to enlighten our lives;
it is harbinger of Divine mother;

it is message of our freedom
and eternal bliss; it has in
itself both the beginning and
the end of our spiritual life.
In Jainism,
understanding, absorbing and
application of aspectism (સ્યાદ્વાદ) is
itself the process of Sadhana.
શ્રી અવતાર ભગવાન is the
Divine descent in and through the
higher human souls.
પરપરમાતૃકાઓ are the
supramental manifestation of
Divine mother for enriching
her role of cosmic evolution.

## Navkar mahamantra consists of 68 letters.

They're like tirthas or sacred spots according to general belief prevalent among the Jains.

Here presented are the 68 similes:

(1) Prostrations to perfect personages.

(2) Salutations to sacred and superior souls.

(3) Adorations to all the admirable ideal ascetics.

(4) Venerations to victorious and virtuous souls.

(5) Sanctum sanctorum of
sanctity and serenity.
(6) Treasure house of
true knowledge.
(7) Power house for pacification
of passions.
(8) Tower house of
transcendental truth.
(9) Dormitory of Divine derveishes.
(10) Palace of patience & peace.
(11) mansion of mental purification.
(12) Harmonium of human and
sub-human harmony.
(13) Sanatorium of soul's self cure.
(14) meter of mercy & compassion.

(15) Hill station of
high training of human ideals.
(16) Scale of self evolution
and elevation.
(17) Kingdom of common welfare.
(18) Galaxy of gracious and
glorious guides.
(19) Root of religious rectitude.
(20) metropolis of the world of
merits and virtues.
(21) Home of humane, human and
humanitarian qualities.
(22) Fulcrum of philosophical science.
(23) Kernel of cosmic constitutional
code of law.

(24) Bridge of universal brotherhood.
(25) Electric current of inexpressible ecstasy.
(26) Fountain head of fraternity and fellowship.
(27) Spring of spontaneous inner peace.
(28) Lighthouse of loyalty and learning.
(29) Abode of apostles and prophets.
(30) Index of introspection and inward intuition.
(31) Projected progressive plan of natural phenomena.
(32) Cream of culture & civilisation.

(33) Ultimate object of universal beings.
(34) National flag of nature's government.
(35) Sunrays of self illumination.
(36) Panacia of all pains of mundane life.
(37) Staple food of self Satisfaction.
(38) Recreation park of rejuvenation.
(39) Encyclopedia of infinite knowledge.
(40) Instrument of introspective improvement.
(41) Royal road of self realisation.
(42) Union of universal welfare.

(43) Ocean of adventurous aptitudes.

(44) The microscope of microcosm and macrocosm.

(45) Memorial of meritorious Souls.

(46) Entrance to empire of emancipation.

(47) Refinery of right faith, right-knowledge and right conduct.

(48) Emblem of reign of redemption.

(49) Symbol of sobriety and serenity.

(50) Banner of bliss and beatitude.

(51) Telescope of true observation.

(52) Fortress of freedom & friendship.

(53) Capital of continent of contentment.

(54) Garden of flowers of forgiveness.

(55) Gateway of gracious Godhood.
(56) Noble mission of
nature's government.
(57) Magnetic pole of moral force.
(58) Ingredient of eternal ease.
(59) Motive of meritorious science
of human culture.
(60) Paradise of permanent
peace and pleasure.
(61) Home of hermits and heroes of
self conquest.
(62) Continent of crystalised
blessed souls.
(63) Terminus of training-learning.
(64) Garrison of great guidance.

(65) Clarian call of
conquest and conscience.

(66) Synopsis of all the
sacred scriptures.

(67) Ambrosia of all our
noble achievements.

(68) Prayer for
purification and perfection.

Navkar mahamantra leads to Truth.

In truth, you are a child of light.
You have within you the clear,
unfailing & redeeming light of Truth.
Be very still in mind and body
until you feel light of spirit around
and moving through you intensely.

Had there been not
the worship of mother Nature,
નિરંકારના and only of નિરંકારીઓ,
we find no reason for
worshiping નિરંકારીઓ, who
passed before we were lifted from the
subtle નિગોદ and to નિરંકારીઓ.

## Significance of Navkar

Navkar is the process of
imperfection going to perfection.
Being the grand symbol of perfection,
it is the whole Divinity condensed.
Mind engaged in perfection works as
Napolean, while mind in વૈરાગ્યવિચારણા
works as a common soldier.

For that reason,
mind engaged in નવકાર મહામંત્ર,
in one way or the other,
is intensly ennobled,
enlightened and strengthened.
Tirthankaras are the
sole agents of mother Nature and
the rest પરમેષ્ઠિઓ except સિદ્ધ i.e.
Acharya, upadhyay & sadhus
are the sub-agents of Her.
In Navkar mahamantra,
Namaskar is nothing but
Surrender with rejection & aspiration.
નવકારમાં સર્વ પાપનો નાશ કરવાની શક્તિ અને
સર્વ મંગળોમાં પ્રથમ મંગળ હોવાની શ્રેષ્ઠતા માની છે.

તેનો સાર ટૂંકમાં ફરીથી લખીએ તો:

Through denial of evil
and affirmation of good,
through regular positive prayers and
meditation of Truth ideas, we can
best train our thought messengers
to prepare good for us.

Evil = name and nature of non-self.
Good = name & nature of Pure Soul.
The way to oneness & communion
with God is first of all denial or
rejection of evil or દુર્જનતાત્યાગ and then
affirmation & aspiration of good, i.e.
સજ્જનતાગ્રહણતા. With these two means,
one can acquire the desired result.

Be still, calm and quiet.
See that you are one with Navkar.

Name of god in mouth, His idol in mind, love for Him in heart & jaap in hand for service to mankind is the main theme of mantra-Shastra.

The recitation of mantras together has a great curing effect on many troubles. The Snake-bite-cure by mantras is the universal Truth.

Absorption of mind
through Nada-hearing with
japa of ॐ or Soham,
which is regarded as a
great aid to concentration.

It is called 'અનાહત નાદ' as it belongs
to અનાહત ચક્ર or centre of the heart.

This nada or the Sound
must be heard with the right ear.
Mantra must be complete, Correct and
adequate with the sufficient time.

Word om: stands for
the ત્વં પદ or જીવ.

The name of the deity stands for
the તત્પદ or ઈશ્વર.

And the termination for
the identity of the two or અસિપદ.

They are virtually મહાવાક્યs.

By mantra jaap,
we obtain Grace.

Its not by the endeavour but by grace. This grace can be secured only by the worship, which is પરંપરા સાધન of the attainment of life's highest goal. Letters or the sounds they stand for are eternal-imperishable અક્ષરs. The wonderful સામર્થ્ય or potentiality of navkar મંત્ર is beyond conception.

To become one is knowledge,
another is feeling.

Not only the knowledge but effort to become according to knowledge in feeling & action. Therefore, the latter is ભાવમંત્ર and the former is ભાવવાચક. Navkar is indeed a universal મંત્ર.

Navkar mahamantra is
the noblest approach to Nature.
It is the supreme symbol to surrender
her - as it is her own gift to
What is 'મંત્રશક્તિ'?

Can it were be in the power of
'જીવશક્તિ' to enter by his own unaided
jivashakti into 'શિવશક્તિ|' That alone
which has such power is 'મંત્રશક્તિ'|

શબ્દ વડે કહી શકાય તે 'શબ્દબ્રહ્મ'.
શબ્દ વડે ન કહી શકાય તે 'પરબ્રહ્મ'.
શબ્દબ્રહ્મ વડે પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે છે.
નવકાર મંત્રના અક્ષરો એ શબ્દબ્રહ્મ છે.
મંત્રાધિષ્ઠાતા દેહના બે સ્વરૂપ: એક વાચિકશક્તિ
(શબ્દબ્રહ્મ) રૂપે તથા બીજું વાચ્યશક્તિ (પરબ્રહ્મ) રૂપે.

Vachyaશક્તિ reveals itself only when વાચકશક્તિ has been aroused through the discipline of the Sadhaka.

## Navkar Mantra says:

'Be not afraid. I stand surely for you'. Navkar મંત્ર alone is the pathway to Siddhi & redeemer of all liabilities.

## પંચપરમેષ્ઠિ નમસ્કાર

When we pay Namaskar to અરિહંત, the Divinity in rest is also bowed. when we bow to other પરમેષ્ઠિs, પ્રથમ પરમેષ્ઠિ is also paid namaskar. ગણિત્વ સાધુત્વ, વાચકત્વ and સિદ્ધત્વ are all interrelated and all are respected at one and the same time by us.

Japa = Repetition of sounds, words or a name as a prayer or invocation.

Navkar mantra is a set of words or sounds, having spiritual significance and power.

Japa is compared to the action of a man shaking a sleeper to wake him up. The sadhaka's own consciousness is awakened, then the real secret is the ability to 'let go' and the more you do nothing, the more rapidly is the meditation induced.

The real aim is the spiritual progress through Japa.

12 steps to calm before Navkar Jaap:

Think of surrendering your entire being to God, Spirit, Soul & body. Take a deep breath, relax & let go.

(1) First direct your whole attention to your feet. Think how wonderful they are to support your body.

(2) Think of your back and up and down the spine.

Say: 'Relax and let go.' Then say: 'I am relaxed and I feel relaxed'.

(3) Think of letting go through the shoulders. Release the shoulders and settle back into your body, the wonderful temple of God.

(4) Relax through your neck & the back of your head. Feel relaxed.
(5-6) Through the forehead & between your eyes, relax and let go.
Remind yourself that you are relaxing into the harmony & peace of the presence of God. In God you live, move & have your being.
(7-12) Think of the throat and chest, then the solar plexus, then through all the organs and functions of the body, down to the tips of the toes.

## What to think while meditating on Navkar mantra?

(1) Forehead: I am the Light of the world.

(2) Eyebrows : Not mine will,
oh God, but Thine (will) be done.
(3) Eyes : Blessed are my eyes for they
see clearly, distinctly and perfectly.
(4) Ears : Blessed are my ears for they
hear easily, clearly and distinctly.
(5) Throat : All power is given unto
me in mind and body.
(6) At the neck : I am not bound in
personal consciousness,
I am free with the freedom of Spirit.
(7) Shoulders : my yoke is easy and
my burden is light.
(8) Spine : I am strong in the Lord
and in the power of His might.

(9) Lungs: There is nothing to fear. I breathe the breath of life - Navkar mantra freely and easily.

(10) Heart: The forgiving love of Lord sets me free from mistakes of the past & the results of mistakes of the past. God's cleansing, healing, purifying love flows freely through every part of my body renewing & restoring me.

(11) Functions of the body: The Divine order is established in my mind, body and in all my affairs.

(12) Lower part of the body: The life of God is from everlasting to everlasting & I live, move & have my being in it.

(13) Say for the whole body: I am the ever-renewing, the ever-unfolding expression of this infinite life.

A plain guide to meditate on Navkar:

To be still, utterly still,
both in mind and body,
enables us to draw nearer to God
& to listen to what He has to say.

What is a silent prayer before Jaap?

Silent prayer involves four steps:

Step 1: It is necessary to be able to control one's thoughts to concentrate on one subject to the exclusion of all else. E.g. Concentrate upon an ordinary subject, say apple - Eu,

trees - વૃક્ષ for 2 minutes at a time.
Step 2: Then another more abstract subject may be chosen: such as patience - ધૃતિ, peace - શાંતિ or love - રતિ.

The Third step: Affirm that God is everywhere present - above, below, beside, around and within. On every indrawn breath, use your imagination to visualize that you are drawing to yourself the love of God or the peace, the joy or the strength: hold the breath for a moment or 2 before letting it out gently or slowly. As you exhale, affirm that God's love suffuses every

cell in your body, is filling you
with its creative, healing power.

Another excercise before Navkar Jaap:

Think of one word an attribute
of God such as love, peace, joy &
harmony. Repeat the word softly
& at the same time, with another
part of the mind, ask for help in
raising your consciousness.

Fourth mental step: All mental
activities should now cease, so that
you are poised in the silence.
This may last only for
a second or two, but
you can reach beyond time & space,

so that a revelation may be given in a flash of illumination.

Intellect is not so necessary, what is needed is the development of spiritual awareness, a strong will to persevere on the path & patience.

To sum up : we provide the best possible conditions, we make a conscious effort to raise our consciousness as high as we can: we ask for help in reaching still higher levels, we give thanks for help received. There should be no straining after chanting Navkar viz.

Learn to be content all the times.

When during our meditation,
we are completely still,
we wait upon the નિકટતા of Navkar.
They, who wait for the Lord, shall
renew their strength, they shall
mount up with wings like eagles,
they shall run and not be weary,
they shall walk and not faint.
meditation leads to that
illumination which becomes, first,
communion with Navkar viz and
finally union with Him.
The Tirthankaras have great
boundlessness, they are the great
determiners & wish for great Unity.

Let us be awaken.

The truth of oneness with them is in all teachings, if we want to learn and it is in our hearts, if we want to find it. Awakening means awareness. Change means exchange.

The ability to see beyond what appears to be can be our greatest asset.

We must awaken to our true potential through Navkar mantra Jaap.

Blessed are those whose mind is immersed in illuminated Nada attached with ઉચ્ચાર - Navkar mantra, which is the state of supreme consciousness or eternal liberation.

## 3 ways of salvation through Navkar મંત્ર:

(સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર)

(1) Receive mercy through forgiveness and love.

(2) Realise the self through absorption and identity.

(3) Acquire grace through gratitude & praise through Navkar mantra Jaap.

The first is the path of knowledge, the second is the path of faith and the third is the path of conduct. Right knowledge, right faith & right conduct combined makes the path of true liberation, absolute freedom from the cycle of births and deaths.

Increase your love ability by chanting Navkar Mahamantra:

(a) Kindness: Love is kindness in action.

(b) Understanding: Love is understanding. With it, you can see one as he really is & not as he appears to be.

(c) Forgiveness: Love forgives and in forgiving, it becomes stronger, deeper and more glorious.

(d) Appreciation: Love shows appreciation, praise & thanks. By speaking a word of appreciation, you brighten the other person's spirit and lift your own too.

The world needs love. Navkar is love.

Love is the essence of being.

If we love God and man enough, we would automatically keep each wish of God to be obeyed through Navkar Jaap.
Love all jivas. Treat them with honor.
Refuse to harm them.

We of ourselves are not sufficient to live this life. Trust in the Lord with all thine heart and lean not unto thine own understanding.
All is well with those, who trust god.

Why to chant Navkar?

Hate-filled thoughts & actions are as poison, while love is blessing & health.
An enemy loved is no longer an enemy, after chanting Navkar mahamantra.

The right way to overcome our
enemies is not to fight with them,
but to forgive and love them.
Divine love is impersonal.
It loves for the sake of loving.
As we claim our oneness, love & power
through Navkar mahamantra,
we gain dominion over our own self
and world as a whole.
What a joy to know that
the darkness of human error
cannot overcome the light within.
Turn to the light of Navkar,
shining at the center of your being
and let it illumine and bless you:

## 4 steps to Healing Light of Navkar

(1) The first step in seeking to produce results by any power is to contact that power of Navkar.

(2) The second step is to turn it on.

(3) The third step is to believe that this power is coming into use and to accept it by faith. No matter how much we ask for something it becomes ours only as we accept it and give thanks for it.

(4) And the fourth step is to observe the operations of that Light and life. In order to do so, we must decide on some tangible thing that we

wish accomplished by that power, to know without question whether our experience succeeded or failed.

## Why full text of Namokar mantra?

The full text of the 68 Navkar viz should be repeatedly used by the one, who is desirous of liberation.

For spiritual progress, it is possible to proceed gradually & by stages, to the core without reducing its efficacy till the whole viz is reduced to a single sound, which a devotee utters & hears spontaneously within, without & everywhere in full harmony with the tune of the universe.

The full text of Navkar viz contains 68 full letters. My obeisance to all Arihantas, Siddhas, Acharyas, Upadhyayas & my reverence to all Sadhus all over the universe.

With the full text of Namokar mantra, Soul attains its real state.

Mantra is the body of the deity. When the upasaka adores mantra in his Spirit it reveals its true nature, yields its Truth and becomes one with upasaka - the practicant.

Upasaka attains identity with the enclosed Deity or પંચપરમેષ્ઠિ.

### Why is repetition of it necessary?

Navkar mantra becomes stuff of life and carries one through every ordeal. It is repeated not for the sake of repetition, but for the sake of purification as an aid to efforts for direct guidance from above. It is no empty repetition, for each repetition of Navkar Mahamantra has a new meaning, carrying us nearer and nearer to God.

### What should a Navkar upasaka do?

The Bhakta has only to surrender himself & do nothing else, but he has to do a lot for doing nothing.

First: Sincere admission of soul's own wretched spiritual state due to the long seperation from the Lord.
Second: Absolute faith in the grace of the Lord to whom he surrenders. God is all merciful & powerful. The more complete his faith, the more grace and protection be with him.
Third: He should constantly ever remind himself of the dedication to God in the company of those, who are united with Him and He who is the Lord and soul of all, will do everything according to His Will.

Fourth: one should have no anxiety in the acceptance of dedication by the Lord. Even if there is a lapse, one should not be worried, because Navkar mantra is all powerful.

Fifth: Keep Dhairya to bear with the threefold equanimity: bodily, mental and spiritual misery in every way.

Sixth: Asraya in misery - sin - fear. The sole refuge is Navkar.

This should be constantly cherished in mind. Always chant Navkar mantra.

Seventh: Avoidance of other prayers. If we have full faith in the Lord and His grace through Navkar mantra,

there is no necessity for praying.
If we pray for anything else,
it only betrays
our lack of faith in Navkar mantra.
Eighth: one should serve feet of the Lord with one's mind, heart & soul. The surrender of one's very being to the Navkar mantra implies that the emphasis is no longer and not at all on the seeker, not even on seeking, but entirely on the sought. Love for this kind of surrender
transcends truly
even the desire for salvation.
This 8 steps are important.

'શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધાય નમો નમઃ ।'

'શ્રી પંચમહાશ્રુતસ્કંધ'નો અર્થ

શ્રી : જેના વડે જગતના બધા સારા પદાર્થો આપણી પાસે આવે, આવા મળે, તે શ્રી.

પંચ : પ્રત્યેકની શક્તિ કરતાં સમુદાયની શક્તિ વિશિષ્ટ હોય છે, એ ન્યાયને જણાવવા 'પંચ' છે.

મહાશ્રુતસ્કંધ: સામાન્ય શ્રુતસ્કંધ ત્રિપદી છે. મોહનીયના દૃઢ સંસ્કારોના હ્રાસ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય ગુણાનુરાગમાં રહેલું છે, તેથી તેને જગાવનાર શ્રુત એ મહાશ્રુત છે. સાધક પોતાની યોગ્યતાનુસાર આનાથી વિવેકશક્તિનો વિકાસ કરી શકે છે.

o શ્રી નવકાર મહામંત્રનો એક ક્રોડનો જાપ

નવકારની છૂટી ૫૦) માળા રોજ ગણો, તો સાડા પાંચ વર્ષે એક ક્રોડનો જાપ થાય અને બાંધી ૬ માળા ગણો તો પાંચ વર્ષે એક ક્રોડનો જાપ થાય.

ધ્યાનપૂર્વક કમળબંધે ૧૦૮ નવકાર જાપથી ઉપવાસનું ફળ
શ્રી હેમચંદ્રસૂરિજી યોગશાસ્ત્રના ૮મા પ્રકાશમાં કહે છે:
બંધ આંખે હૃદયની મધ્યમાં ઊઘડેલ આઠ પાંખડી અને
મધ્યમાં કર્ણિકાયુક્ત સફેદ કમળની કલ્પના કરી તેમાં
સફેદ રંગમાં 'નમો અરિહંતાણં' પદની સ્થાપના કરવી.

પછી પૂર્વ દિશાની પાંખડીમાં લાલ રંગમાં
બીજા 'નમો સિદ્ધાણં' પદની સ્થાપના કરવી.
તે બાદ દક્ષિણ દિશાની પાંખડીમાં પીળા રંગમાં
ત્રીજા 'નમો આયરિયાણં' પદની સ્થાપના કરવી.
તે બાદ પશ્ચિમ દિશાની પાંખડીમાં નીલા રંગમાં
ચોથા પદ 'નમો ઉવજ્ઝાયાણં'ની સ્થાપના કરવી.
તે બાદ ઉત્તર દિશાની પાંખડીમાં પાંચમાં પદ
'નમો લોએ સવ્વસાહૂણં'ની સ્થાપના કરવી.
તે બાદ ચાર ખૂણાની પાંખડીમાં અનુક્રમે
અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન દિશામાં
ચાર ચૂલિકાનાં પદની ક્રમવાર સ્થાપના ધારવી.

o 'નમો અરિહંતાણં' પદના નીચેની રીતે જાપ કરતા મમત્વનો નાશ અને સમત્વનો લાભ થાય છે:

'नमो अरिहंताणं

ॐ नमो अरिहंताणं

ॐ ह्रीं नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं क्लीं नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं क्लीं ब्लीं नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं क्लीं ब्लीं ब्लूँ नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं क्लीं ब्लीं ब्लूँ ह्म्ल्र्व्यूं नमो अरिहंताणं

ॐ ह्रीं श्रीं क्लीं ब्लीं ब्लूँ ह्म्ल्र्व्यूं अर्हं नमो अरिहंताणं

ॐ ह्रीं अर्हं नमो अरिहंताणं ।'

वाचक मेघविजय रचितम् सिद्धमंत्रो

o 'ॐ ह्रीं क्लीं अर्हं ऐं नमः सिद्धम् ।'

o 'ॐ ह्रीं श्रीं क्लीं अर्हं ऐं नमः सिद्धं ।'

o 'ॐ नमः सिद्धं ।' 'नमो अरिहंताणं ।'

મંત્ર ફરી ફરીને ગણવો, તેનું નામ 'જાપ.'

નવકારના જાપથી સર્વ પાપનો નાશ થાય,

સર્વ પાપના નાશથી મન તથા આત્માની શુદ્ધિ થાય,

આત્માની શુદ્ધિથી કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થાય,

કેવળજ્ઞાનથી પરમાત્મપદ મોક્ષની પ્રાપ્તિ થાય.

આમ નવકાર મહામંત્રના જાપથી મોક્ષ મળે.

નમસ્કાર મંત્ર ઉચ્ચ કોટિનો હોવાથી

નમસ્કારને વરમંત્ર, પરમમંત્ર કે મહામંત્ર કહેવાય છે.

પ્રણવ (ૐકાર, હ્રીંકાર, અર્હં) પ્રભાવવાળા બીજમંત્ર છે,

તે સર્વનું મૂળ સ્ત્રોત નવકાર એ વરમંત્ર છે.

o 'ૐ નમઃ સિદ્ધં ।'

એ મંત્ર પ્રાચીનકાળથી સર્વ દિશાવ્યાપક છે. આ મંત્ર અલૌકિક, અનુપમ અને અગોચર મહિમાવાળો છે.

o 'નમો અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂણં ।'

o 'નમો દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા ।'

o 'નમો અરિહંતાણં સવ્વ પાવપ્પણાસણો ।'

अथ नवकार साधनविधि

॥ प्रथम पद ॥ ॐ ह्रीं नमो अरिहंताणं ।

ए मंत्र जपीए ।

आ अरिहंतदेवनो ध्यान धरी श्वेतमाला से ती गुणीये,
अर्ध भाग मस्तक नै विषै चिंतवीये ।

॥ द्वितीय पद ॥ ॐ ह्रीं श्रीं क्लीं नमो सिद्धाणं ।

ए मंत्र पूर्व सन्मुख बेसी ।
लाल माला, लाल वस्त्र रक्तवर्ण ध्यान सिद्ध नौं ।

॥ तृतीय पद ॥ ॐ ह्रीं श्रीं क्लीं नमो आयरियाणं ।

ए मंत्र दक्षिण सन्मुख बेसी पीली माला, पीला आसन
पीला वस्त्र, स्वर्ण वर्ण ए आचार्य पद जपीयै ।

॥ चतुर्थ पद ॥ ॐ ह्रीं श्रीं क्लीं नमो उवज्झायाणं ।

ए मंत्र पश्चिम दिशा सन्मुख बेसी नीली माला,
नीला आसन, नील वर्णे उपाध्यायनो पद जपीयै ।

॥ पंचम पद ॥ ॐ ह्रीं श्रीं क्लीं नमो लोए सव्वसाहूणं ।

श्याम वर्ण साधुनो, ध्यान ए पद पांच ।

नवकार को प्रथम पांच पद में एक एक पदनी जाप
॥ २०००० ॥ वीस हजार गुणीए।
ए ५ पदकी जाप ५ लाख कीजै।
मलैं सर्व मनोवांछितकी रिद्धि वृद्धि सिद्धि।
एश्वर्य यश प्रतिष्ठा वधे। इति नवकार साधना कही।

o 'નમો અરિહંતાણં ।' પદમાં...
નમો = મૌન, અરિહંતાણં = ધ્યાન.
એનો અર્થ એમ થાય છે : મૌન વડે ધ્યાન.
'નાણં નિયમગહણં, નવકારો નયરુઈય નિદ્દારે ।
પંચ નય વિશુદ્ધિયાણં, ન પયારો તસ્સ સંસારે ॥'

o 'નમો અરિહંતાણં' ૭ અક્ષરના માત્ર આ મંત્રને
પૂજ્ય મોક્ષપ્રાપ્તિ માટે સર્વશિરોમણી મંત્ર કહ્યો છે.

o શ્રી નવકાર ગાયત્રી મંત્ર
'ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि
धियोयो नः प्रचोदयात् ॐ नमो अरिहंताणं ।'
અર્થ - કામ - સમૃદ્ધિ - આરોગ્ય માટે મંત્રજાપ કરવો.

શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રમાં રુદ્રવેલીસિદ્ધિ[1],
ચૌર્યસિદ્ધિ[2], રસસિદ્ધિ[3] તથા આકાશગામિની[4] વિદ્યા છે.
શ્રી નવકાર નવપદ, ૮ સંપદા, ૬૮ અક્ષરપ્રમાણ છે,
જેમાં ૭ ગુરુ તથા ૬૧ લઘુ જાણવા.
અષ્ટદલકમલે મન - વચન અને કાયાસહિત ભાવપૂર્વક
એક નવકાર ગણે, તે લાખ નવકાર ગણવાનું ફળ પામે.
'એસો પંચ નમુક્કારો |' 'સવ્વ પાવપ્પણાસણો |'
આ પરમેષ્ઠિ નમસ્કાર કેવો છે? સર્વ પાપનો નાશક.
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં |
બધા માંગલિકમાં આ નવકાર ઉત્કૃષ્ટ માંગલિક છે.
આ મહામંત્ર નવકારને જે સ્મરે, ધ્યાવે, ચિંતવે,
સદૈવ નિરંતર આરાધે, તે ભવ સંસારમાં ન ભમે અને
સકલ વાંછિત પૂર્ણ કરનાર સિદ્ધિ ફળ પામે. સર્વ
શુભ કાર્યના આરંભે તથા અંતે સ્મરણાદ અને ચૌદ
પૂર્વના સાર નમસ્કાર મહામંત્રને અર્થપૂર્વક ધ્યાવવો.
શ્રી નવકારને નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાળ વંદના.

## નવકાર પદ

નવકાર ગણજે પ્યારા મનવા, નવકાર ગણજે પ્યારા,
મન-વચ-કાય એકાગ્ર કરી તું, હૃદયે ધર નવકારા. -૧
પંચપરમેષ્ઠિ ગુણરૂપ નદનોધિ, અમૃતની વરસે ધારા,
અમૃતધારા વરસાવી હૃદયે, પલ્લવિત કર ગુણક્યારા. -૨
નવકાર ભાવની વહાવ ધારા, ફલ ફૂલ આવે ન્યારા,
સમતામૃત ફળ આરોગી, અમર થજે કરી ભવપારા. -૩
નવકાર કેરા તેજ અનેરા, વિકસાત દેત ઉજારા,
સુવાસ પાડી મહેંકે ફૂલડે, કુવાસ કરત જુદારા. -૪
ગુણ અનંતા ફળ ફૂલે ભરાયા, ચુંટી વસાવ મન તારા,
ચિદ્દ્ઘન આતમફળ આરોગી, વરજે શિવસુખ ક્યારા. -૫

## શ્રી નવકાર મંત્રનો છંદ


નવકાર થકી શ્રીપાળ નરેશ્વર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ,
સ્મશાન વિષે શિવનામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ;
નવ લાખ જપતાં નરક નિવારે, પામે ભવનો પાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.

## શ્રી નવકાર મંત્રનો છંદ

પંચપરમેષ્ઠિ જ્ઞાન જ પંચહ, પંચ દાન ચારિત્ર,
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત;
પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાળો પંચાચાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૧)
બાંધી વડશાખા શિંકે બેસી, કીધો કુંડ હુતાશ,
તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડ્યો તે આકાશ;
વિધિ રીતે જપતાં અહિવિષ ટાળે, ઢાળે અમૃતધાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૨)

o

નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખદાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક;
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રી ઉવજ્ઝાય - સુસાધુ, પંચપરમેષ્ઠિ થુણીજે;
નવકાર સાર સંસાર છે, કુશલ લાભવાચક કહે,
એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિત લહે.



નવકાર એ ૧૪ પૂર્વનો સાર અને સમુદ્ધાર છે. જીવનમાં નવકાર સિવાય બીજું કશું યે ન કહેવામાં આવે તો પણ ચાલે, કેમકે બીજું જે કાંઈ કહેવાશે, તે શ્રુત અંતર્ગત થઈ જશે અને તેનો સાર પણ નવકાર જ હશે!




સીધો, સરલ, વાંચતાંની સાથે જ અર્થ પ્રકટ થાય, તે સર્વ શાસ્ત્રોનો સાર છે. જે ક્ષણે નમસ્કાર, તે જ ક્ષણે સર્વ પાપનો નાશ અને એક - બે નહીં, સર્વ મંગલમાં પ્રધાન મંગલનો લાભ, તે જ છે ૧૪ પૂર્વનું રહસ્ય!

www.fiestadesigns.in